| | | | | | |
|---|---|---|---|---|---|
| GJSN020013602016 | સત્યमेव जयते | દાખલ તારીખ | ૦૨/૦૫/૨૦૧૬ | | |
| | | રજીસ્ટરે લીધા તારીખ | ૦૨/૦૫/૨૦૧૬ | | |
| | | ફેસલ તારીખ | ૦૮/૦૫/૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | | | |

**<u>સુરેન્દ્રનગરના સેકન્ડ એડીશ્નલ સીનીયર સિવિલ જજ</u>**
**<u>(શ્રી કે.એમ.આહીર) સાહેબની કોર્ટમાં, મુ. સુરેન્દ્રનગર.</u>**

**સ્પે. દિવાની મુકદમા નં. ૧૪/૨૦૧૬**

**આંક–**

| | | |
|---|---|---|
| <u>વાદીઓ:</u> | : | **મર્હુમ ધીરજલાલ દયાળજી રાઠોડ અને તેમના પત્ની મર્હુમ પુષ્પાબેન ધીરજલાલ રાઠોડના પુત્રીઓ અને લીગલ રીપ્રેઝન્ટેટીવ**<br>**(૧) ઉર્મીલાબેન કિશોરકુમાર પતાણી**<br>ઉ.વ.આ.૫૯, ધર્મ: હિન્દુ, ધંધો: ઘરકામ,<br>C/O કિશોરભાઈ પી. પતાણી<br>૧૨/૨૬૪-સી.એલ.એન.રોડ, મોહનલાલ મેન્શન,<br>માટુંગા-ઈસ્ટ-મુંબઈ-૪૦૦૦૧૯<br>**(૨) મીનાબેન કિરીટકુમાર ઘામેચા**<br>ઉ.વ.આ.૫૫, ધર્મ: હિન્દુ, ધંધો: ઘરકામ,<br>ઠે. વિજયનગર છ–૪ નં. ૩૯૭.<br>હરણી રોડ, વડોદરા. |
| | | **<u>વિ રૂ ધ્ધ</u>** |
| <u>પ્રતિવાદીઓ</u> | : | **(૧) મર્હુમ મહેશભાઈ ધીરજલાલ રાઠોડના વિધવા ઔરત અને લીગલ રીપ્રેઝન્ટેટીવ**<br>**નીતાબેન મહેશકુમાર રાઠોડ જાતે અને સગીર જયમીન મહેશકુમારના કુદરતી વાલી અને માતૃશ્રી નીતાબેન મહેશકુમાર રાઠોડ વતી**<br>ઠે. લક્ષ્મી નારાયણ સોસાયટી, અંબા મીકેનીક |

| | | |
|---|---|---|
| | | પાછળ, સુરેન્દ્રનગર.<br>**(૨) મર્હુમ હરેષભાઇ ધીરજલાલ રાઠોડના વિધવા ઔરત અને લીગલ રીપ્રેઝન્ટેટીવ**<br>**જાગૃતીબેન હરેષભાઇ રાઠોડ જાતે અને સગીર શીવાનીના કુદરતી વાલી અને માતૃશ્રી જાગૃતીબેન હરેશભાઇ રાઠોડ**<br>ઠે. શીવ નિવાસ, આચાર્યનો ડેલો, જોરાવરનગર.<br><br>**(૩) કીર્તીબેન ધીરજલાલ રાઠોડ**<br>**તે અશોક દશાડીયાના પત્ની**<br>ઉ.વ.પુખ્તવય, ધર્મ:હિન્દુ, ધંધો: ઘરકામ,<br>ઠે. આંબલીયા કુવાવાળી શેરી,<br>કુલગલી, મુ. ધ્રાંગધ્રા (જી.સુરેન્દ્રનગર)<br><br>**(૪) વૃશાલીબેન મહેશભાઇ રાઠોડ**<br>C/O વૃશાલીબેન હાર્દીકભાઇ ગોહીલ<br>ઉ.વ.પુખ્તવય, ધર્મ:હિન્દુ, ધંધો: ઘરકામ,<br>ઠે. બાબુલ ફેશન, કચ્છીયાપોળની બાજુમાં,<br>સટાક પોળ, મુ. ઉમરેઠ જી. આંણદ |

| | | |
|---|---|---|
| <u>બાબત</u> | : | **મર્હુમ ધીરજલાલ દયાળજી રાઠોડ અને મર્હુમ પુષ્પાબેન ધીરજલાલ રાઠોડની સુરેન્દ્રનગરમાં લખતરના ઉતારા સામે આવેલ સ્થાવર જંગમ મિલ્કતનો પુષ્પાબેન રાઠોડના વાલીની રુએ કબ્જો મેળવવાનો દાવો તેમજ ડીકલેરેશન મેળવવા અંગેનો દાવો.** |

| | | |
|---|---|---|
| વાદી તરફે | : | વિ.વકીલશ્રી કે.કે.કારેલીયા |
| પ્રતિવાદી નં.૧ અને ૪ તરફે | : | વિ.વકીલશ્રી જી.ડી.ઝાલા |
| પ્રતિવાદી નં.૨ તરફે | : | વિ.વકીલશ્રી એન.આઇ.જાની |
| પ્રતિવાદી નં.૩ તરફે | : | વિ.વકીલશ્રી વી.એચ.ભટ્ટ |

## ||| <u>જજમેન્ટ</u> |||

### (૧) <u>વાદીના દાવાની ટુંકમાં હકીકત:-</u>

**(૧.૧)** વાદી નં.૧ તથા ૨ તેમના મર્હુમ માતૃશ્રી પુષ્પાબેન ધીરજલાલ રાઠોડના પુત્રી વારસદાર છે. વાદી નં. ૧ ઉર્મીલાબેન પતાણી હાલ મુંબઈ રહે છે જયારે વાદી નં.૨ મીનાબેન ધામેચા હાલ. વડોદરા રહે છે. વાદીઓના માતૃશ્રી મર્હુમ પુષ્પાબેન ધારજલાલ રાઠોડ તે મર્હુમ ધીરજલાલ દયાળજી રાઠોડના વિધવા ઔરત હતા. જે સુરેન્દ્રનગરમાં લખતરના ઉતારા સામે આવેલ તેમની સ્થાવર મિલકતમાં રહેતા હતા તે હમણાં થોડા મહીના પહેલા ગુજરી ગયેલ છે. પુષ્પાબેન ગુજરી જતાં પહેલા તેમની મિલકતનું વિલ તા.૨૨/૦૯/૨૦૧૪ ના રોજ કરેલ. પરતુ તે વીલની રુએ વાદી નં. ૧ આપેલ વિલ વાળી મિલકતોનો કબ્જો માલીકી હકકે મેળવવા આ દાવો કરેલ છે.

**(૧.૨)** મર્હુમ ધીરજલાલ દયાળજી રાઠોડ અને તેમના પત્ની મર્હુમ પુષ્પાબેન ધીરજલાલ રાઠોડનો પેઢી આંબો નીચે મુજબ છે.

<table>
<tr><td colspan="6">ધીરજલાલ રાઠોડ તા.૦૯-૦૩-૧૯૯૪ ના રોજ ગુજરી ગયેલ છે.</td></tr>
<tr><td rowspan="3">પુષ્પાબેન (પત્ની) (તા. ૨૬/૦૯/૨૦૧૫ ના રોજ ગુજરી ગયેલ)</td><td>મહેશભાઇ (પુત્ર) (તા.૦૫/૦૫/૨૦૦૪ ના રોજ ગુજરી ગયેલ )</td><td>હરેશભાઇ (પુત્ર) (તા.૦૭/૧૧/૨૦૧૧ ના રોજ ગુજરી ગયેલ )</td><td rowspan="3">કીર્તીબેન (પુત્રી) પરીણીત</td><td rowspan="3">ઉર્મીલાબેન (પુત્રી) (વાદી નં. ૧) પરીણીત</td><td rowspan="3">મીનાબેન (પુત્રી) (વાદી નં. ૨) પરીણીત</td></tr>
<tr><td>નીતાબેન મહેશભાઇના વિધવા પત્ની (પ્રતિવાદી)</td><td>જાગૃતીબેન હરીશભાઇના વિધવા પત્ની (પ્રતિવાદી)</td></tr>
<tr><td>તેમનો પુત્ર જૈમીન (પ્રતિવાદી)</td><td>તેમની પુત્રી શીવાની (સગીર)</td></tr>
</table>

મર્હુમ ધીરજલાલ દયાળજીભાઇ રાઠોડ તા. ૦૯/૦૩/૧૯૯૪ ના રોજ ગુજરી ગયેલ છે. મર્હુમ ધીરજલાલ રાઠોડના વિધવા પત્ની પુષ્પાબેન ધીરજલાલ રાઠોડ તા.૨૬/૦૯/૨૦૧૫ ના રોજ સુરેન્દ્રનગર મધ્યે ગુજરી ગયેલ છે. મર્હુમ ધીરજલાલ રાઠોડના પુત્ર મહેશભાઇ ધીરજલાલ રાઠોડ તા.૦૫/૦૫/૨૦૦૪ ના રોજ ગુજરી ગયેલ છે. તેમના પત્ની નીતાબેન મહેશકુમાર રાઠોડ તથા પુત્ર જૈમીન હૈયાત છે. જે હાલના કામે પ્રતિવાદી નં.૧ છે. પુષ્પાબેનના મહેશભાઇ પુત્ર હતા અને તેથી મહેશભાઇના વારસદાર તરીકે અને જરુરી પક્ષકાર હોવાથી દાવામાં પ્રતિવાદી તરીકે જોડેલ છે. પુષ્પાબેન રાઠોડે વાદી નં.૧ તથા ૨ ને જે મિલકતો આપેલ છે તેટલા પુરતો જ વાદીઓને આપેલ મિલકતનો માલીકી દરજજે કબ્જો લેવા વાદીઓએ દાવો કરેલ છે. મર્હુમ ધીરજલાલ રાઠોડના બીજા પુત્ર હરેશભાઇ ધીરજલાલ રાઠોડ સુરેન્દ્રનગર મધ્યે તા.૦૭/૧૧/૨૦૧૧ ના રોજ ગુજરી ગયેલ છે. પરતું તેમના પત્ની જાગૃતીબેન હરેશભાઇ રાઠોડ અને તેમની સગીર પુત્રી શિવાનીબેન હરેશભાઇ રાઠોડ હૈયાત છે. જે હાલના કામમાં પ્રતિવાદી નં. ૨ છે અને તેઓ જોરાવરનગરમાં તેમના પિતાશ્રી સાથે કાયમી રહે છે. હરેશભાઇ રાઠોડ જીવતા હતા ત્યારે પણ પ્રતિવાદી નં. ૨ જાગૃતીબેન કદી હરેશભાઇ સાથે સુરેન્દ્રનગરમાં રહીને લગ્ન જીવનની ફરજો અદા કરેલ નથી. પરતું જાગૃતીબેનને જીવાઇ મેળવવામાં વધુ રસ હોવાથી જાગૃતીબેનને મર્હુમ હરેશભાઇ રાઠોડ સામે ભરણપોષણ અને જીવાઇની ફોજદારી ફરીયાદો હરેશભાઇ જીવ્યા ત્યાં સુધી કરેલી છે અને તેમની સામે વોરંટ કઢાવવાની માંગણી પણ કરેલી છે. મર્હુમ પુષ્પાબેન રાઠોડે પ્રતિવાદી જાગૃતીબેન હરેશભાઇને તેમજ પુત્રી શિવાનીને વિલમાં કોઇ મિલકતો આપેલ નથી. મર્હુમ ધીરજલાલ રાઠોડના અન્ય પુત્રીઓ વાદી નં.૧ ઉર્મીલાબેન કિશોરભાઇ પતાણી અને બીજી પુત્રી વાદી નં.૨ મીનાબેન કીરીટભાઇ ધામેચા છે અને વીલની રુએ વાદી નં.૧ તથા ૨

નાઓએ તેમને આપેલ મિલ્કતો પુરતો જ દાવો કરેલ છે. મર્હુમ ધીરજલાલ દયાળજીના બે પુત્રો નામે મહેશભાઈ ધીરજલાલ જેઓ તા. ૦૫/૦૫/૨૦૦૪ ના રોજ ગુજરી ગયેલ છે અને હરેશભાઈ ધીરજલાલ જેઓ તા.૦૭/૧૧/૨૦૧૧ ના રોજ ગુજરી ગયેલ છે તેમજ મર્હુમ ધીરજલાલના વિધવા પત્ની પુષ્પાબેન ધીરજલાલ જેઓ તા. ૨૬/૦૬/૨૦૧૫ ના રોજ ગુજરી ગયેલ છે.

**(૧.૩)** મર્હુમ ધીરજલાલ દયાળજી રાઠોડની જે સ્થાવર મિલ્કતો સુરેન્દ્રનગરમાં આવેલી હતી તે તા.૧૧/૧૨/૧૯૮૭ થી સુરેન્દ્રનગરના સીટીસર્વે કચેરીમાં ધીરજલાલના નામે નોંધાયેલી હતી. ધીરજલાલ દયાળજી રાઠોડે તેમની હૈયાતી દરમ્યાન મોઢાના કરારથી તેમના પત્ની પુષ્પાબેન ધીરજલાલ રાઠોડ ને બન્ને સ્થાવર મિલ્કતો આપી દીધેલ હતી. આમ, બન્ને સ્થાવર મિલ્કતોના માલિક પુષ્પાબેન થયેલ હતાં. ધીરજલાલ રાઠોડ તા. ૦૯/૦૩/૧૯૯૪ ના રોજ ગુજરી ગયા ત્યારથી મર્હુમ પુષ્પાબેન તા. ૨૬/૦૬/૨૦૧૫ ના રોજ ગુજરી ગયા ત્યાં સુધી એટલે કે ૨૧ વર્ષ સુધી માલીક દરજજે બન્ને મિલ્કતો પુષ્પાબેનના કબજામાં કોઈપણ જાતના રોકટોક વિના માલીકી હકકે હતી અને બન્ને મીલ્કતોનો માલીકી દરજજે કબજો રાખેલ હતો. સુરેન્દ્રનગરમાં લખતરના ઉતારા સામે આવેલ મિલ્કત મકાન જ હતાં. પરંતુ હરેશને દરજી કામ કરવા મકાનના બારણા મોટા કરાવેલા છે અને બાજુમાં ઘંટી હોવાથી તેના બારણા મોટા કરાવેલા છે. પરંતુ તે મકાન જ છે. આમ, ધીરજલાલ દયાળજી રાઠોડ ગુજરી ગયા ત્યાર પછી ૨૧ વર્ષ સુધી પુષ્પાબેન લખતરના ઉતારા સામે એકલા જ રહેતા હતાં. પરંતુ તેમને રાંધી ખવડાવવાની કે સાર સંભાળ રાખવાની કોઈ દરકાર પ્રતિવાદીઓએ કરેલી નહીં અને નિઃસહાય રીતે પુષ્પાબેન એકલા લખતરના ઉતારા સામે આવેલ તેમની માલીકીના મકાનમાં રહેતા હતા

અને એકલા જ ટીફીન મંગાવી ખાતા હતાં. મહેશભાઈના પત્ની નીતાબેન મહેશકુમારે અને જાગૃતીબેન હરેશકુમારે મર્હુમ પુષ્પાબેનની સેવા–ચાકરી કરેલ નથી તેમજ તેમની ફરજો કદી અદા કરી નથી.

(૧.૪) મર્હુમ ધીરજલાલ દયાળજી રાઠોડ ગુજરી જતાં તેમની તમામ સ્થાવર જંગમ મિલ્કતમાં મર્હુમ પુષ્પાબેન ધીરજલાલ રાઠોડ એકલા માલીક હતાં. તેથી મર્હુમ પુષ્પાબેન ધીરજલાલ રાઠોડ સુરેન્દ્રનગરનાએ તેમની સ્થાવર જંગમ મીલકતનું વીલ તા.૨૨/૦૯/૨૦૧૪ ના રોજ કરેલ છે અને તે અસલ વિલમાં મર્હુમ પુષ્પાબેન ધીરજલાલ રાઠોડે પોતાની સહી બધા જુએ જાણે તેમ સભાનાવસ્થામાં કરેલી. તેમજ તે વિલ નીચે નવીનચંદ્ર રતીલાલ શાહ અને કે.પી. પતાણી એ મર્હુમ પુષ્પાબેનના કહેવાથી સુરેન્દ્રનગરમાં શાખ કરેલ છે. તેમજ વિલના ડ્રાફ્ટ કરનાર એડવોકેટની સહી કરેલ છે. તેમજ અસલ વિલમાં વિલ કરનાર નો ફોટો પણ ચોંટેલ છે અને તે વિલ પુષ્પાબેન ધીરજલાલ રાઠોડે નોટરી શ્રીમતી ટી. જે. દવે એ નોટરી તરીકે રુબરુ તરીકેની સહી કરેલ છે. આમ, મર્હુમ પુષ્પાબેન ધીરજલાલ રાઠોડ, રહે. સુરેન્દ્રનગરનાએ નોટરી રુબરુ કરેલ વિલની રુએ વાદીઓ પુષ્પાબેન ગુજરી ગયા તા.૨૬/૦૯/૨૦૧૫ થી પુષ્પાબેનની તમામ સ્થાવર જંગમ મિલ્કતમાં વાદીઓ માલિક થયેલ છે અને પુષ્પાબેન ગુજરી ગયા પછી તેમના રહેણાંકના મકાને વાદીઓએ તાળા મારેલ હતાં અને ત્યારબાદ વાદીઓ સુરેન્દ્રનગરમાં રહેલ ન હતાં પરંતુ વાદી નં.૧ માટુંગા ઈસ્ટ, મુંબઈ રહે છે અને વાદી નં.૨ વડોદરા રહે છે. પ્રતિવાદી નં.૧ નાએ ગેરલાભ લઈને વાદીઓની જાણ બહાર વાદીઓની સંમતી વિના ગેરકાયદેસર રીતે વાદવાળી લખતરના ઉતારા સામે આવેલ મકાન તથા દુકાનમાં તાળા તોડી નાંખી તેમણે તાળા મારેલ તેથી તેની વાદીઓ તરફથી સુરેન્દ્રનગર પોલીસ સ્ટેશને જાણ કરેલ હતી તેથી

પોલીસે વાદીઓને તે તાળા ઉપર વાદીઓના તાળા વાસવા મૌખીક જણાવેલ અને દાવો કરવા સુચના આપેલ હતી તેથી વિલની રુએ વાદીઓ એ તાળા ઉપર તાળા વાસેલા છે. ત્યારબાદ વાદી નં.ર મીનાબેન કિરીટકુમાર ઘામેચાએ ડી.એસ.પી. સાહેબ, સુરેન્દ્રનગરનાને તા.ર૩/૧ર/ર૦૧૫ ના રોજની અરજી કરેલ. ત્યારબાદ પોલીસે પ્રતિવાદી નં. ૧ નીતાબેન મહેશકુમાર રાઠોડનું નિવેદન પણ લીધેલુ હતુ. જેમા તેમણે ખોટી હકીકતો જણાવેલી હતી.

(૧.૫) મર્હુમ પુષ્પાબેન ધીરજલાલ રાઠોડે વાદીઓના લાભમાં તા. ૨૨/૦૯/૨૦૧૪ ના રોજ વીલ કરાવેલ હતું. સદરહું મિલ્કતની એન્ટ્રી પાડવા વાદીઓએ તા.૦૫/૧૧/૨૦૧૫ ના રોજ અરજી કરેલ. વાદીઓને જાણવા મળેલ છે કે, પ્રતિવાદી નં. ૧ નીતાબેન મહેશકુમાર રાઠોડે મર્હુમ પુષ્પાબેનના દિકરા હરેશ ધીરજલાલ રાઠોડ સુરેન્દ્રનગરને રૂા. ૫૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર લખી આપેલ છે કે, નીતાબેન તેમના સસરાના મકાનમાં રહે છે. નીતાબેને તેમના સ્ત્રી ધનના દાગીના ચીજવસ્તુઓ મળી ગયેલ છે. તેવું લખાણ તા.૨૮/૦૬/૨૦૦૪ ના રોજ કરી આપેલ છે. તેમાં પ્રતિવાદી નં. ૧ નીતાબેન મહેશભાઈ રાઠોડે સાક્ષી રુબરુ સહી કરેલ છે તેની ઝેરોક્ષ નકલ વાદીએ આ કામે રજુ કરેલ છે. સદરહું લખાણ કર્યું ત્યારે નીતાબેન પ્રતિવાદી નં. ૧ નાએ સ્વર્ગસ્થ મહેશભાઈ ધીરજલાલ રાઠોડ ના હકક હિસ્સાની તમામ ચીજવસ્તુઓ મેળવી લઈને જુદા થઈ ગયેલ અને પુષ્પાબેન સાથે કોઈ સ્નેહ સંબંધ રાખેલ નહીં અને મહેશભાઈએ પોતાનો ભાગ,લાગ,હક્ક, હિત–હિસ્સો જતો કરેલ છે. પ્રતિવાદી નં. ૧ નીતાબેનના સાસુ મર્હુમ પુષ્પાબેન બીમાર રહેતા હતા અને અવસ્થા હિસાબે હાલી ચાલી નહોતા શકતા અને રાંધી શકતા નહોતા એવા સમયે આ નીતાબેન મહેશકુમારે સાસુ પુષ્પાબેનની સામે જોયેલ નથી તેમજ કોઈ સારસંભાળ લીધી નથી અને

પુષ્પાબેન ને જેમતેમ બોલતા હતા અને તમામ ચીજવસ્તુઓ, ઘરવખરી દાગીના વિગેરે લઈને નીતાબેન મજીયારામાંથી જુદા થઈ ગયેલ હતાં આથી પુષ્પાબેનની કોઈ સ્થાવર જંગમ મીલ્કત માં પ્રતિવાદી નં. ૧ નીતાબેન મહેશકુમાર રાઠોડ નો કોઈ જ હક્ક-હિત-હિસ્સો પોષાતો નથી તેમજ કોઈ જ ભાગ-ભાગ-હિસ્સો રહેલ જ નથી.

(૧.૬) વધુમાં વાદીએ જણાવેલ છે કે, સી.ટી.સર્વે કચેરી, સુરેન્દ્રનગરમાં મહેશભાઈની વારસા એન્ટ્રી નહીં પડાવતા પ્રતિવાદી નં. ૧ નીતાબેને સમાચાર દૈનિકમાં તેમના વકીલશ્રી ગુલાબભાઈ બી. મકવાણા સાહેબ મારફતે તા.૦૮/૦૩/૨૦૧૩ ના રોજ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલી હતી. સદરહું જાહેર નોટીસનો જવાબ પુષ્પાબેન ધીરજલાલ રાઠોડ તરફથી તેમના વકીલ ભારતીબેન પી. પતાણી મારફતે તા.૧૯/૦૩/૨૦૧૩ ના રોજ આપવામાં આવેલ છે. તેમજ મહેશભાઈ ધીરજલાલ અને હરેશભાઈ ધીરજલાલ વચ્ચે સમાધાન થયેલ ત્યારે મહેશભાઈએ તેમને બધું અપાઈ ગયેલ હતું તેથી મહેશભાઈએ રકમ લઈને પોતાનો ભાગ-હિસ્સો મિલ્કત સર્વે નં. ૮૨૩ અને સર્વે નં. ૮૨૪ ઉપરથી તેમનો હકકહિસ્સો જતો (વેવ) કરેલ છે અને મકાન ખાલી કરી લક્ષ્મીનારાયણ સોસાયટી વાળા મકાને રહેવા ગયેલ હતા. તેમજ તા.૩૦/૦૪/૨૦૧૩ ના રોજ વકીલશ્રી ભારતીબેન પી. પતાણી મારફતે નોટીસનો જવાબ આપેલ હતો. પ્રતિવાદી નં. ૧ તરફથી વકીલશ્રી ગુલાબભાઈ મકવાણા મારફતે નોટીસનો વળતો પ્રત્યુત્તર અને સામી નોટીસ તા.૩૦/૦૪/૨૦૧૩ ની મોકલવામાં આવેલ તે જવાબ માહેની કોઈ હકીકતો ખરી નહી હોવાથી વાદીઓ તા.૩૦/૦૪/૨૦૧૩ ની સામી નોટીસની કોઈ હકીકતો કબુલ રાખેલ નથી.

**(૧.૭)** મર્હુમ પુષ્પાબેન રાઠોડે તેમની હયાતીમાં વાદવાળા મકાનમાં લોટ દળવાની ઘંટી હતી તે ઘંટી પુષ્પાબેને તા.૦૨/૦૩/૨૦૧૩ ના રોજ પોતાના ભરણ પોષણ માટે જયેશભાઈ મુળજીભાઈ રાઠોડને વેચી નાખેલ છે. કારણ કે તેમની ખુબજ અવસ્થા થઈ ગયેલ હોવાથી જીવન નિર્વાહ માટે આવકનું કોઈ સાધન ન હતુ તેથી ઘંટી વેચી નાખેલ હતી. સદરહું અનાજ દળવાની ઘંટીમાં મહેશભાઈનું કોઈ મૂડી રોકાણ ન હતુ. તેમજ અનાજ દળવાની ઘંટી વડીલોપાર્જીત પણ ન હતી.

**(૧.૮)** મહેશભાઈ રાઠોડના લગ્ન પ્રતિવાદી નં. ૧ નીતાબેન સાથે થયા હતા અને લગ્ન બાદ તુરત જ મહેશભાઈ અને નીતાબેન ઘરની તમામ ઘરવખરીઓ ચીજ–વસ્તુઓ તેમજ સોનાના દાગીના અને રોકડ રકમ, અને કંપનીના શેરો, વિગેરે લઈને તેમનો ભાગ–લાગ, હક્ક–હીત, હિસ્સો લઈને હિન્દુ સંયુક્ત કુટુંબના મજીયારામાંથી જુદા થઈ ગયેલ હતા તેથી મહેશભાઈ રાઠોડનો કોઈ ભાગ–લાગ–હક્ક–હીત હિસ્સો વડીલોપાર્જીત મિલ્કતમાં રહેતો નથી. તેમજ પુષ્પાબેનની મિલ્કતમાં પણ મહેશભાઈનો કોઈ ભાગ– લાગ હક્ક હીત હિસ્સો નથી. મહેશભાઈ જીવ્યા ત્યાં સુધી તેમની હયાતી દરમ્યાન મહેશભાઈએ પુષ્પાબેન ધીરજલાલને તેમજ હરેશભાઈ રાઠોડને મીલ્કતમાંથી ભાગ–લાગ આપવા માટે કદી કહ્યું નથી. તેમજ કોઈ કાનુની નોટીસ પણ આપી નથી. કારણ કે તે તેમના ભાગ–હિસ્સાની રકમ દાગીના અને ચીજવસ્તુઓ ઘરવખરી વિગેરે લઈને જુદા થઈ ગયેલ જેથી પુષ્પાબેને પોતાની મિલ્કતનું વીલ– નોટરી રુબરુ કરેલ છે. તે મુજબ દાવાવાળી મિલ્કત વાદીઓને આપેલ છે. તેથી વીલની રુએ વાદી નં. ૧, ૨ ને આપેલ મિલ્કત પુરતો કબજો મેળવવા દાવો દાખલ કરવા ફરજ પડી છે.

**(૧.૯)** મહેશભાઈ રાઠોડે પુષ્પાબેન રાઠોડને કોઈ દિવસ કોઈ જ આર્થિક મદદ કરી નથી. તેમજ કદી સાર સંભાળ લેવા પણ આવ્યા નથી. મહેશભાઈ કે પ્રતિવાદીએ તથા હરેશભાઈના પત્ની જાગૃતીબેને મર્હુમ પુષ્પાબેનની સેવા–ચાકરી કે દેખભાળ કદી રાખતા ન હતા. છેલ્લે ખુબજ બીમાર થઈ ગયેલ છતાં કદી રાંધી ખવડાવેલ નથી. આ કામના પ્રતિવાદી નં. ૧ નીતાબેન ઘરડા પુષ્પાબેનને તા.૦૧/૦૩/૨૦૧૩ ના રોજ સાંજે ૫:૩૦ વાગ્યે, પુષ્પાબેનના ઘરે જઈને લાફા મારેલ હતા. તે અંગેની પોલીસ ફરીયાદ પી.આઇ. સાહેબ સુરેન્દ્રનગરને તા.૦૧/૦૩/૨૦૧૩ ના રોજ પો.સ્ટે. રૂબરૂ જઈને પુષ્પાબેને પોતાની સહી કરીને આપેલ છે. પ્રતિવાદી નં.૧ ની આવી હરકતો થી ૮૫ વર્ષના પુષ્પાબેન, ખુબજ હેરાન પરેશાન રહેતા હતા. મર્હુમ પુષ્પાબેન ધીરજલાલ રાઠોડે તા.૨૨/૦૯/૨૦૧૪ ના રોજ શાખો કરનારાને બોલાવીને તેમની તમામ સ્થાવર જંગમ મીલ્કતનું વિલ કરેલ છે. જેથી તા.૨૨/૦૯/૨૦૧૪ ના વિલની રૂએ વાદીઓની તરફેણમાં વિલ પુષ્પાબેન ધીરજલાલ રાઠોડે કરી આપીને તેમની સ્થાવર જંગમ મીલ્કત મિલ્કતો વાદીઓને આપેલ હોઈ અને પુષ્પાબેન ધીરજલાલ રાઠોડ તા. ૨૬/૦૯/૨૦૦૫ ના રોજ ગુજરી ગયેલ હોવાથી વાદીઓ તે પુષ્પાબેન ધીરજલાલ રાઠોડની મિલ્કતોનો કોર્ટ દ્વારા શાંત, પ્રત્યક્ષ કબજો મેળવવા દાવો દાખલ કરેલ છે.

**(૧.૧૦) <u>વાદીએ દાદ માંગેલ છે કે,</u>**

**૧.** સુરેન્દ્રનગરના લખતરના ઉતારા સામે જેલચોક પાસે આવેલ મર્હુમ પુષ્પાબેન ધીરજલાલ રાઠોડની માલીકીનું મકાન અને સરીયાન રસ્તા પર આવેલ મકાન જેનો સીટી સર્વે નં. ૮૨૩, અને ૮૨૪ વાળી મીલ્કત આવેલી છે. તે મીલ્કત પુષ્પાબેને વિલ

તા. ૨૬–૦૯–૨૦૧૫ ની રૂએ વાદી નં.(૧) ઉર્મીલાબેન કિશોરકુમાર પતાણી અને વાદી નં. (૨) મીનાબેન કિરીટકુમાર ધામેચાને વિલની રૂએ માલિકી દરજ્જે આપેલ છે તે મિલ્કતનો ખાસ અને પ્રત્યક્ષ કબજો પ્રતિવાદીઓ પાસેથી અપાવવાનું હુકમનામું વાદીની તરફેણમાં કરી આપવા વિનંતી કરેલ છે.

**૨.** વાદવાળી મિલ્કત વિલથી વાદી નં. ૧ અને ર ને અપાયેલ હોવાથી પ્રતિવાદીઓને તે મિલ્કત ઉપર તાળા વાસવાના હકક નથી તેવું ડેકલેરેશન વિજ્ઞાપન કરી આપવા વિનંતી કરેલ છે.

**૩.** વાદીએ ન્યાય તથા સબન્યાયનાં ધોરણે મળતી અન્ય દાદ અપાવવા વિનંતી કરેલ છે.

**૪.** દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવવા વિનંતી કરેલ છે.

## (૨) <u>વાદીના દાવા સામે પ્રતિવાદી નં. ૧ નાઓના જવાબની ટુંકમાં હકિકત:–</u>

**(૨.૧)** આ કામના વાદીઓની દાવા અરજીમાં જણાવેલી વિગતો પૈકી જે વિગતો પ્રતિવાદી નં.૧ નાએ સ્પષ્ટપણે કબુલ રાખેલ છે તે સિવાયની કોઈ વિગતો પ્રતિવાદી નં.૧ કબુલ રાખતા નથી. વાદીઓએ સુરેન્દ્રનગરના લખતરના ઉતારા સામે જેલ ચોક પાસે આવેલ સીટી સર્વે વોર્ડ નં. ૧ સર્વે નં. ૮૨૩ અને ૮૨૪ વાળી મિલ્કત અંગે હકીકતથી અને રેકર્ડ વિરૂધ્ધની ખોટી હકીકતો જણાવી હાલના સ્વરૂપનો ખોટો દાવો કરેલ છે. વાદીએ તેમની દાવા અરજીમાં દર્શાવેલ

ધીરજલાલ રાઠોડનો પેઢી આંબો સાચો દર્શાવેલ નથી. કારણ કે ગુજરનાર મહેશભાઈના વારસો તરીકે પુત્રી વૃશાલી મહેશભાઈ રાઠોડ છે જે કાયદેસરની વારસદાર હોવા છતાં પેઢી આંબામાં તેણીનું નામ દર્શાવેલ નથી.

**(૨.૨)** ગુજરનાર ધીરજલાલ દયાળજી રાઠોડ કે જેઓના નામે સુરેન્દ્રનગર સીટી સર્વે કચેરીમાં વોર્ડ નં. ૧ સીટી સર્વે નં. ૮૨૩ અને ૮૨૪ વાળી મિલ્કત કે જે મૂળ ૧૯૨૧ ની સનદ નં. ૧ થી મેરાઈ દયાળજી મોરારજીના ખાતે માલીક તરીકે હતી અને સદરહું મિલ્કત વારસદાર દરજજે ધીરૂભાઈ દયાળજીભાઈ રાઠોડના નામે થયેલ. આ રીતે સદરહું મિલ્કત ધીરૂભાઈ દયાળજીભાઈને વડીલોપાર્જીત મિલ્કત હોય વારસદાર દરજજે મળેલ. આમ, વડીલોપાર્જીત મિલ્કત હોય ધીરૂભાઈ દયાળજીભાઈનુ અવસાન થતા સદરહું મિલ્કત તેમના કાયદેસરના વારસદારોના નામે કાયદા મુજબ થાય અને તમામ વારસદારો કાયદા મુજબ હકદાર બને. ગુજરનાર ધીરજલાલ રાઠોડે મોઢાના કરારથી તેમના પત્ની પુષ્પાબેનને સદરહું બન્ને મિલ્કતો આપી દીધેલ હોવાની હકીકત વાદીએ ખોટી જણાવેલ છે. પ્રતિવાદી નં. ૧ નીતાબેન બાળકો સાથે પુષ્પાબેન સાથે સને–૨૦૧૩ સુધી સાથે રહેતા હતા તે દરમ્યાન આ કામના વાદીઓએ ખોટી રીતે ઝઘડો કરતા અને પુષ્પાબેનને કાન ભંભેરણી કરતા અને પ્રતિવાદી નં.૧ નીતાબેનને ત્રાસ આપતા હતા જેથી સને–૨૦૧૩ ના મે મહીનાની આસપાસ પ્રતિવાદી નં.૧ ને અલગ રહેવાની ફરજ પડેલ હતી.

**(૨.૩)** વાદીઓએ તેઓના દાવામાં જે પ્રોપર્ટી કાર્ડ રજુ કરેલ છે તેમાં ગુજરનાર ધીરુભાઇ દયાળજીભાઇ રાઠોડના વારસોના સંયુકત નામે મિલ્કત ચડાવવામાં આવેલ છે તેમાં પ્રતિવાદી નં.૧ ના

પતિ મહેશભાઈ ધીરજલાલ રાઠોડનુ નામ દર્શાવવામાં આવેલ નથી. વાદીઓએ ઈરાદાપુર્વક વારસાઈ એન્ટ્રી કરાવતા સમયે કાયદેસરના વારસદાર મહેશભાઈ ધીરજલાલ રાઠોડ હોવા છતા તેઓનું નામ છુપાવીને ખોટી કાર્યવાહી કરેલ છે જે પ્રતિવાદી નં.૧ ના ધ્યાને આવતા પ્રતિવાદી નં.૧ નાએ કાર્યવાહી કરી સાચો પેઢી આંબો રજુ કરી વારસદાર દરજજે મહેશભાઈ ધીરુભાઈ રાઠોડનું નામ સીટી સર્વે નં.૮૨૩ અને ૮૨૪ માં નોંધ નં.૭૩૬૫ થી તા.૧૪/૦૫/૨૦૧૩ ના રોજ દાખલ કરવામાં આવેલ અને ત્યારબાદ મહેશભાઈ ધીરુભાઈ રાઠોડના વારસદાર દરજજે સદરહુ સ્થાવર મિલ્કતમાં નોંધ નં.૭૯૬૪, તા.૦૬/૧૨/૨૦૧૩થી નીતાબેન, જૈમિન અને વૃશાલીના નામો દાખલ કરવામાં આવેલ છે જે બંને નોંધો પ્રમાણિત થયેલ છે.

**(૨.૪)** ગુજરનાર પુષ્પાબેન સને–૨૦૧૫ માં ગુજરી જતા તેઓની ધાર્મિક અંતીમ ક્રિયા વિગેરેની વિધી પતાવી પ્રતિવાદી નં. ૧ બાળકો સાથે લક્ષ્મીનારાયણ વિસ્તારમાં આવેલ મકાનમાં રહેતા હોય સીટી સર્વે નં. ૮૨૩ અને ૮૨૪ વાળી મિલ્કતમાં કોઈ રહેનાર ન હોય સદરહું મકાનને તાળા મારી ચાવી પ્રતિવાદી નં. ૧ પાસે હતી અને પ્રતિવાદી નં. ૧ નો પુત્ર જૈમિન મોટો થતા અવારનવાર વાદવાળા મકાને જઈ મકાન સાફસુફ કરાવી દેખરેખ રાખતો હતો અને જરૂરી સામાન પણ મકાનમાં રાખતા હતા પરંતુ વાદીઓને મકાન પચાવી પાડવુ હોય સુરેન્દ્રનગર મુકામે આવી ખોટી હકીકતો પોલીસ સ્ટેશનમાં રજુ કરી મકાનનો કબજો કરવા કોશીશ કરેલ પરંતુ સદરહું મકાનમાં જે તાળા મારેલ હતા તેની ચાવીઓ પ્રતિવાદી નં. ૧ પાસે હોય વીલ અંગે પોલીસ સ્ટેશનમાં ખોટી રજુઆત કરી પોલીસને સાથે લાવી દબાણથી તેઓએ જે તાળુ મારેલ તે તાળા ઉપર વાદી ઉર્મીલાબેનના પતિ કિશોરકુમારે તાળુ મારેલ છે જે અંગે પી.એસ.આઇ. સુરેન્દ્રનગર સીટી રૂબરૂનુ લખાણ

કરવામાં આવેલ જેમાં વાદી મીનાબેન તથા ઉર્મીલાબેનના પતિ કિશોરકુમાર અને જૈમિન મહેશભાઈની સહીઓ લેવામાં આવેલ. આમ, વાદી જાણતા હતા કે વડીલોપાર્જીત મિલ્કતનુ વીલ કાયદા મુજબ થઈ શકે નહી જેથી વીલની રૂએ પ્રોબેટ મેળવવા કાર્યવાહી કરવાના બદલે પોલીસ સ્ટેશન જઈ વીલ અંગે રજુઆત કરી કબજો કરવા કોશીશ કરેલ.

**(૨.૫)** પ્રતિવાદી નં. ૧ નાએ સાસુ પુષ્પાબેનની સેવા ચાકરી કરેલ છે સારસંભાળ લીધેલ છે તેમજ મજીયારાની કોઈ જ મિલ્કતો લઈ જુદા થઈ ગયેલ નથી. ગુજરનાર પુષ્પાબેનની સ્થાવર અને જંગમ મિલ્કતમાં વારસદાર દરજજે પ્રતિવાદી નં. ૧ અને બન્ને સંતાનોના હકક હિત પોષાય છે. તા.૨૮/૬/૦૪ નું કહેવાતુ લખાણ કે જે બી.પી. પતાણી વાદી ઉર્મીલાબેનના નણંદ થાય છે અને સુરેન્દ્રનગર મુકામે વકીલાત કરે છે તેઓએ ઉભુ કરેલ છે અને હાલનો દાવો પણ તેઓના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ છે.

**(૨.૬)** વાદી જણાવ્યા મુજબ પ્રતિવાદી નં.૧ ના પતિ મહેશભાઈએ કોઈ રકમ લઈને પોતાનો ભાગ હિસ્સો સર્વે નં.૮૨૩ અને ૮૨૪ ઉપરથી જતો કરેલ હોય તેવુ બનેલ નથી. વાદીઓએ ખોટી વારસાઈ નોંધ કરાવેલ હોય જેથી પ્રતિવાદી નં. ૧ નાએ ઘટતી કાર્યવાહી થવા ગુલાબભાઈ બી. મકવાણા મારફત નોટીસ પ્રસિધ્ધ કરાવેલ અને વાદીઓને નોટીસ તથા વળતી નોટીસ દ્વારા જવાબ પાઠવવામાં આવેલ. વાદીએ લોટ દળવાની ઘંટી બાબતે જણાવેલ હકીકત સાચી નથી પરંતુ હકીકતમાં લોટ દળવાની ઘંટી પ્રતિવાદી નં.૧ ના પતિ ગુજરનાર મહેશભાઈના નામે હતી અને તેઓએ પોતાની સ્વતંત્ર આવકમાંથી ખરીદ કરેલ હતી. પરંતુ મહેશભાઈ ગુજરી ગયા બાદ વાદી નં. ૧ ના પતિએ આવીને આ ઘંટી નું વેચાણ કરી ઉપજેલ કિંમત રૂા.

૧૫,૦૦૦/– લઈને જતા રહેલ જે લખાણ કરવામાં આવેલ તેમાં પુષ્પાબેનની સહી એટલા માટે લીધેલ કે તેઓ પાસે કોઈ ભાગ માંગે નહીં. વાદી તેમની દાવા અરજીમાં માંગ્યા મુજબની કોઈ જ દાદ માંગવા કે મેળવવા હકક નથી. જેથી વાદીનો દાવો ખર્ચ સહીત રદ કરવાનો હુકમ ફરમાવવા વિનંતી કરેલ છે તેમજ પ્રતિવાદી નં. ૧ નીતાબેન અને જૈમિન મહેશભાઈ રાઠોડ ને આ દાવાનુ થયેલ ખર્ચ આ કામના વાદીઓ પાસેથી વસુલ અપાવવા વિનંતી કરેલ છે.

## (૩) <u>વાદીના દાવા સામે પ્રતિવાદી નં.ર નાઓની જવાબની ટુંકમાં હકિકત:–</u>

**(૩.૧)** આ કામના વાદીઓની દાવા અરજીમાં જણાવેલી વિગતો પૈકી જે વિગતો પ્રતિવાદી નં.૨ નાએ સ્પષ્ટપણે કબુલ રાખેલ છે તે સિવાયની કોઈ વિગતો પ્રતિવાદી નં.૨ નાએ કબુલ રાખેલ નથી તેમજ વાદીનો દાવો ખરો કે શુધ્ધ–બુધ્ધિપુર્વકનો ન હોય તેથી રદ થવાને પાત્ર બને છે તથા વાદીના દાવાને નોન–જોઈન્ડર ઓફ પાર્ટીઝનો બાધ નડતો હોય તેથી રદ થવાને પાત્ર બને છે તેમજ વાદીનો દાવો અપુરતી કોર્ટ ફી સ્ટેમ્પવાળો તથા ઓછી સ્યુટ વેલ્યુએશનવાળો હોય તેથી રદ થવાને પાત્ર બને છે તથા વાદીના દાવાને લીમીટેશન અન્વયે બાધ આવતો હોય તેથી રદ થવાને પાત્ર છે. વાદીએ સ્વ.ધીરજલાલ દયાળજીભાઈ રાઠોડની મિલ્કતનો વહીવટ સંચાલન કરવા માટે કોઈ સક્ષમ અધિકારી પાસેથી પ્રોબેટ કે વારસાઈ સર્ટી મેળવ્યા વિના હાલનો દાવો કરેલ હોય તેથી વાદીનો હાલનો દાવો કરવા માટે કોઈ–કાયદેસરના હકક ન હોય તેથી વાદીનો દાવો પ્રથમ દર્શનીય રીતે રદ થવાને પાત્ર બને છે. વાદીએ સ્વ.પુષ્પાબેન ધીરજલાલ રાઠોડની મિલ્કતનો વહીવટ તથા સંચાલન કરવા માટે અને તેઓ

વારસદાર હોવા બદલનું કોઈ પ્રમાણપત્ર (સકસેશન સર્ટી) મેળવ્યા વિનાનો તથા પ્રોબેટ સર્ટી (વ્યવસ્થા સર્ટી) મેળવ્યા વિના હાલનો દાવો કરેલ હોય તેથી વાદીને હાલનો દાવો કરવા માટે કોઈ હકક, હિત કે અધિકાર ન હોય તેથી વાદીનો દાવો રદ થવાને પાત્ર બને છે.

**(૩.૨)** દાવાવાળી મિલ્કત વડીલોપાર્જીત મિલ્કત હતી તેમજ સદર દાવાવાળી મિલ્કત અન્વયે ગુજરનારે કોઈ વ્યવસ્થા કરેલ ન હતી. તેથી સદર મિલ્કતમાં અમો પ્રતિવાદીનો વડીલોપાર્જીત હિસ્સાવાળી મિલ્કત તરીકે હકક–હિસ્સો સમાયેલ છે તેમજ સ્વ.દયાળજી મોરારજીએ મિલ્કતની કોઈ વ્યવસ્થા કરેલ ન હતી તેમજ સ્વ. ધીરૂભાઈ દયાળજીભાઈ પણ બિનવસીયતી ગુજરી ગયેલ હતા અને તેઓએ પણ મિલ્કતની કોઈ વહેંચણી કરેલ ન હતી. તેથી સ્વ.ધીરૂભાઈ દયાળજીભાઈના અવસાન બાદ તેઓના વારસદારોનો સમાન હિસ્સો સમાયેલ છે તેમજ સ્વ.ધીરૂભાઈએ તેમના પત્ની પુષ્પાબેનને કયારેય કોઈ વીલ કરેલ નથી કે કરી આપેલ નથી કે આવું કોઈ વીલ કોઈ જગ્યાએ નોંધાયેલ નથી. તેથી મજકુર પુષ્પાબેનને વડીલોપાર્જીત તથા સંયુકત મિલ્કત બાબતે વીલ કરવા માટે કોઈ હકક, હિત કે અધિકાર હતા નહી કે છે નહી. તેમ છતાં વાદીએ મજકુર પુષ્પાબેન પાસેથી ખોટું વીલ બનાવી ઉભું કરેલ હોય તેથી આવા ખોટા વીલના આધારે વાદીને સદર મિલ્કત પરત્વે કોઈ હકક, હિત કે અધિકાર મળી શકે નહી.

**(૩.૩)** પ્રતિ.નં.૨ તથા સગીર પુત્રી શિવાની કાયમી રીતે જોરાવરનગર રહેતા નથી, પરંતુ સ્વ.પુષ્પાબેન ધીરજલાલ રાઠોડ તથા વાદીઓએ પ્રતિવાદીઓને શારીરિક–માનસિક ત્રાસ આપીને કાઢી મુકેલ છે. તેથી પ્રતિવાદીઓ તેમના માવતરે ઓસિયાળું જીવન જીવીએ છીએ તેમજ પુષ્પાબેન ધીરજલાલ રાઠોડને વડીલોપાર્જીત મિલ્કત અંગે વીલ

કરવા કોઈ હકક, હિત કે અધિકાર ન હતા તેમજ વાદીઓ તથા પુષ્પાબેને એકબીજાના મેળાપીપણાથી ખોટું વીલ ઉભું કરેલ છે. જેથી ઉભા કરેલ વીલના આધારે વાદીઓને કોઈ કાનુની હકકો મળી શકતા નથી. દાવાવાળી મિલ્કત વડીલોપાર્જીત મિલ્કત હતી અને મેરાઈ દયાળજી મોરારજીના અવસાન બાદ સીટી સર્વે નં.૮૨૩ તથા ૮૨૪ વાળી મિલ્કત પ્રતિવાદીના સસરાને વારસાઈ હકકથી મળેલ હતી. ત્યાર બાદ સ્વ.ધીરજલાલ દયાળજીના અવસાન બાદ સદર મિલ્કતમાં સ્વ. પુષ્પાબેન તથા પ્રતિવાદીના પતિનું નામ તથા વાદીનું નામ સંયુક્ત રીતે સહમાલીક તરીકે વારસાઈ હકકથી ચાલતું આવેલ છે તેમજ સદર મિલ્કતમાં પ્રતિવાદી ના પતિના અવસાન બાદ પ્રતિવાદીના નામો વારસાઈ હકકથી ચાલે છે.

**(૩.૪)** વાદગ્રસ્ત મિલ્કત વડીલોપાર્જીત મિલ્કત હોય તેમા વાદી તથા પ્રતિવાદીઓનો સંયુકત હકક–હિસ્સો સમાયેલ છે. તે મિલ્કત એકલા વાદીને મળી રહે તેવા હેતુથી વાદીએ ખોટું વીલ ઉભું કરેલ–કરાવેલ હોય તેમજ પુષ્પાબેનને સંયુકત મિલ્કત અંગે વીલ કરવા માટે કોઈ હકક, હિત કે અધિકાર મળતા ન હોય તેથી આવું કહેવાતું વીલ ખોટું હોય તેના આધારે વાદીને કોઈ દાદ મળવાપાત્ર થતી ન હોય તેથી વાદીનો દાવો રદ કરવા વિનંતી કરેલ છે તેમજ હિન્દુ વારસા ધારા અન્વયે પરણેલ પુત્રીને વારસાઈ હકક મળી શકે નહી તેમજ વાદીએ ખોટું વીલ ઉભું કરેલ–કરાવેલ હોય તેથી આવા ખોટા વીલના આધારે વાદી કોઈ દાદ મેળવવા પાત્ર બનતા ન હોય તેથી વાદીનો દાવો રદ કરવા વિનંતી કરેલ છે.

**(૩.૫)** પ્રતિવાદીના પતિ સ્વ.હરીશભાઈ ધીરજલાલ સીટી સર્વે નં.૮૨૩ તથા ૮૨૪ વાળી મિલ્કત સંયુક્ત વારસદાર તરીકે વારસાઈ

હકકથી સદર મિલ્કત ધરાવતા હતા અને સદર મિલ્કતના આગળના ભાગે અપ્સરા ટેઈલર્સના નામથી દરજીકામ કરતા હતા અને દુકાન ધરાવતા હતા. પ્રતિવાદીના પતિના અવસાન બાદ પ્રતિવાદી સદર સીટી સર્વે નં.૮૨૩ તથા ૮૨૪ વાળી મિલ્કતમાં વારસાઈ હકકથી કબજો–ભોગવટો ધરાવે છે, પરંતુ પ્રતિવાદી ને તેમના હકકોથી વંચિત રાખવાના ઈરાદે તથા વાદીઓને સદર મિલ્કત એકલાને મળે તેવા ઈરાદે વાદીએ પુષ્પાબેનની વૃધ્ધાવસ્થા તથા માનસિક–શારીરિક નબળાઈનો ગેરલાભ લઈને સ્વ.પુષ્પાબેન પાસે ખોટી હકીકતોવાળું વીલ ઉભું કરેલ–કરાવેલ છે તેમજ વાદગ્રસ્ત મિલ્કતમાં પુષ્પાબેન પોતાના ભાગની મિલ્કત પુરતું જ વીલ કરવા હકકદાર હોવા છતાં વાદીએ તરકટ રચીને સમગ્ર મિલ્કતનું ખોટું વીલ ઉભું કરેલ–કરાવેલ છે. તેથી દેખીતી રીતે જયારે વીલ જ ગેરકાયદેસર હોય ત્યારે ગેરકાયદેસર વીલના આધારે વાદીને કોઈ દાદ મળવાપાત્ર ન હોય તેથી વાદીનો દાવો રદ થવાને પાત્ર બને છે.

**(૩.૬)** વાદીએ વીલના આધારે પ્રોબેટ સર્ટી કે એકઝીકયુટર (વહીવટકર્તા) મેળવવું જોઈએ અને જયાં સુધી આવું સક્ષમ કોર્ટ તરફથી પ્રમાણપત્ર મેળવવામાં ન આવે ત્યાં સુધી વાદીને હાલનો દાવો કરવા કોઈ હકક, હિત કે અધિકાર મળતા નથી તેમજ સ્વપાર્જીત મિલ્કત હોય તેનું જ વીલ થઈ શકે અને વડીલોપાર્જીત મિલ્કતનું વીલ થઈ શકે નહી. જેથી સ્વ.પુષ્પાબેનની કોઈ સ્વપાર્જીત સ્થાવર–જંગમ મિલ્કત ન હોય તેવા સંજોગોમાં દાવાવાળી મિલ્કત પરત્વે પુષ્પાબેન એકલાને વીલ કરવા કોઈ અધિકાર ન હતા. તેથી આવું વીલ ખોટું હોવાનું જણાઈ આવે છે. તેથી ખોટા–વીલના આધારે હાલના વાદી કોઈ દાદ મેળવવા પાત્ર બનતા ન હોય તેથી વાદીનો દાવો ખર્ચ સહીત રદ કરવા વિનંતી કરેલ છે.

## (૪) <u>વાદીના દાવા સામે પ્રતિવાદી નં. ૩ નાઓની જવાબની ટુંકમાં હકિકત:-</u>

**(૪.૧)** આ કામના વાદીઓની દાવા અરજીમાં જણાવેલી વિગતો પૈકી જે વિગતો પ્રતિવાદી નં.૩ નાએ સ્પષ્ટપણે કબુલ રાખેલ છે તે સિવાયની કોઈ વિગતો પ્રતિવાદી નં.૩ નાએ કબુલ રાખેલ નથી. વાદીએ સત્ય હકીકત છુપાવીને દાવો કરેલ છે કારણ કે ગુજરનાર ધીરજલાલ દયાળજી રાઠોડ અને ગુજરનાર પુષ્પાબેન ધીરજલાલ રાઠોડ પ્રતિવાદી નં.૩ અને વાદીઓના માતુશ્રી થતા હતા અને ધીરજલાલ દયાળજી રાઠોડ પ્રતિવાદી નં.૩ના પિતાશ્રી થતા હતા જેઓ તા.૦૯/૦૩/૧૯૯૪ ના રોજ ગુજરી ગયેલ છે અને તેઓની કોઈપણ સ્થાવર અને જંગમ મિલ્કતનું આજ દિવસ સુધી લેખિત કે મૌખિક વહેંચણ થયેલ નથી તેમ છતાં આ કામના વાદીઓએ ગુજરનારની કુલ ૩ દિકરીઓ અને તેઓના બે દિકરા કે જેઓ પણ ગુજરી ગયેલ છે તે જાણતા હોવા છતાં સત્ય હકીકત છુપાવીને ખોટી રીતે ગુજરનારની સ્થાવર મિલ્કત પડાવી લેવા માટે પ્રતિવાદી નં.૩ ને જોડયા વિના હાલનો ખોટો દાવો દાખલ કરેલ છે.

**(૪.૨)** ગુજરનાર પુષ્પાબેન ધીરજલાલ રાઠોડ પ્રતિવાદી નં.૩ના માતુશ્રી થતા હતા અને તેઓ સુરેન્દ્રનગર મધ્યે તા.૨૨/૦૯/૨૦૧૪ ના રોજ ગુજરી ગયેલ છે અને તેઓ ગુજરી ગયા ત્યારે આશરે ૯૦ વર્ષની ઉમરના હતા અને ઘણા સમયથી બીમાર હતા અને તેઓની દવા પણ ચાલુ હતી. આ કામમાં વાદી જણાવે છે તેવુ તા.૨૨/૦૯/૨૦૧૪ના રોજનુ પોતાની કોઈ સ્થાવર કે જંગમ મિલ્કતનું વીલ ગુજરનાર પુષ્પાબેન ધીરજલાલ રાઠોડે આ કામના કોઈ વાદીઓની તરફેણમાં કરી

આપેલ નથી અને આ કામમાં વીલની સાથે નોટરી સમક્ષ જે દાખલો રજુ કરેલ છે તે પણ વાદીઓએ તેમના સંબંધીઓને ખોટી રીતે મુંબઈથી લાવીને તેમજ જોરાવરનગરથી લાવીને ખોટા ઉભા કરેલ છે કારણ કે ગુજરનાર પુષ્પાબેન સુરેન્દ્રનગર મધ્યે તેમના મકાનમાં એકલા જ રહેતા હતા અને આ કામના કોઈ વાદીઓએ કે આ કામના પ્રતિવાદીઓ કે જે ગુજરનાર ધીરજલાલ રાઠોડના બંને દિકરા મહેશભાઈ અને હરેશભાઈની પત્ની છે અને જેઓ પણ અલગ રહેતા હતા અને એ રીતે પુષ્પાબેન સાથે કયારેય કોઈ વાદી કે પ્રતિવાદી સાથે રહેલ નથી કે સેવા ચાકરી કરેલ નથી અને તેઓ માનસીક રીતે પણ સ્થિર મગજના ન હતા અને મોટી ઉંમરે તેઓ પોતાની શુધ્ધ બુધ્ધિ પણ ગુમાવી ચુકેલ હતા તેવા સમયે પ્રતિવાદી નં.૩ ગુજરનાર પુષ્પાબેન ધીરજલાલ રાઠોડના પુત્રી હોવા છતાં અને આ કામના બંને વાદીઓ પ્રતિવાદી નં.૩ની બહેનો હોવા છતાં પ્રતિવાદી નં.૩ને અંધારામાં રાખીને ખોટી રીતે દાવામાં જોડયા વિના ખોટુ વીલ ઉભુ કરીને મિલ્કતનો કબજો મેળવવા માટે અને ડેકલેરેશન મેળવવા માટે દાવો દાખલ કરેલો પરંતુ પ્રતિવાદી નં.૩ દાવામાં ગુજરનારના સૌથી મોટા દીકરી હોય અને જરૂરી અને મહત્વના પક્ષકાર હોય આ કામમાં નછુટકે વાદીઓએ આંક-૧૪ ની પ્રતિવાદી નં.૩ને જોડવા માટે અરજી આપેલ અને જેથી નછૂટકે વાદીએ દાવામાં પ્રતિવાદી નં.૩ તરીકે જોડવાની ફરજ પડેલ છે.

**(૪.૩)** ગુજ. ધીરજલાલ દયાળજી રાઠોડ કે જે પ્રતિવાદી નં.૩ ના પિતા થાય છે અને સદર મિલ્કત જે તે વખતે પ્રતિવાદી નં.૩ના મર્હુમ પિતાએ દાવામાં જણાવેલ મકાન લેખિત કે મૌખિક કરારથી પ્રતિવાદી નં.૩ના માતુશ્રીને આપેલ ન હતુ પરંતુ ૧૯૯૪ ની સાલમાં પ્રતિવાદી નં.૩ના પિતાનું અવસાન થતા વાદીઓએ ૨૦૧૫ની સાલમાં એટલે કે તા.૦૫/૧૧/૨૦૧૫ ના રોજ તેમના નામે વાદી નં.૨ નાએ પ્રતિવાદી

નં.૩નો હકક ડુબાડવા માટે સીટી સર્વેમાં રજી.એ.ડી.થી ખોટી અરજી મોકલીને સીટી સર્વે કચેરીમાં તેમનુ નામ દાખલ કરવા માટે પ્રયત્ન કરેલ છે અને સીટી સર્વે કચેરીનુ પ્રોપર્ટીકાર્ડ રજુ કરેલ છે તેમાં પણ ગુજરનાર ધીરજલાલ દયાળજી રાઠોડના કુલ પાંચ વારસદારો હોવા છતાં આ કામના વાદીઓએ તેમના મોટા પુત્ર મહેશભાઈ ધીરજલાલ રાઠોડનું નામ વારસદાર તરીકે દર્શાવેલ નથી. જે વોર્ડ નં.૧ માં આવેલ મિલ્કત નં. ૮૨૩ અને ૮૨૪ ની તા.૨૪/૦૧/૨૦૦૫ ની વારસાઈ નોંધ ઉપરથી સ્પષ્ટ થાય છે તેમજ ગુજરનારના પુત્ર મહેશભાઈ ધીરજલાલ રાઠોડનું નામ આ કામના વાદીઓએ ઈરાદાપુર્વક પ્રોપર્ટી કાર્ડમાં દર્શાવેલ નથી અને ખોટી રીતે સીટી સર્વે કચેરીમાં ગુજરનારને ત્રણ દિકરી અને એક દિકરો તથા તેમના પત્ની પુષ્પાબેન એમ કુલ પાંચ વ્યકિતઓના નામ દર્શાવેલ છે અને એ રીતે ૨૦૦૫ થી આ કામના વાદીઓ ખોટી રીતે મિલ્કત હડપ કરવા માટે પ્રયત્ન કરી રહેલ છે અને તે અંગે ગુજ. ધીરજલાલ દયાળજી રાઠોડના વારસદારો વચ્ચે ફોજદારી ઝઘડાઓ પણ થયેલ છે.

(૪.૪) ગુજ. પુષ્પાબેન એકલા જ પોતાની રીતે અને માણસો દ્વારા તેમજ ટીફીન મંગાવીને પોતાના પૈસાથી ખાતા હતા અને જીવ્યા ત્યાં સુધી તેઓએ વાદીની કે આ કામના પ્રતિવાદીઓની કે તેઓની કોઈ દિકરીઓની સેવા ચાકરી લીધેલ નથી કે તેવા સંજોગોમાં વાદીઓએ દીકરીઓ તરીકે કોઈ ફરજ પણ અદા કરેલ નથી. વાદીઓનો ઈરાદો ફક્ત કોઈપણ સંજોગોમાં દાવાવાળુ સીટી સર્વે નં. ૮૨૩ અને ૮૨૪ વાળુ મકાન જેલ રોડ ઉપર આવેલ છે અને બીજુ મકાન મહાલક્ષ્મી સોસાયટીમાં આવેલ છે તે પડાવી લેવા માટે ખોટું અને બોગસ વિલ ઉભુ કરેલ છે કારણ કે દાવામાં જણાવેલ મિલ્કત પ્રથમથી જ ધીરજલાલ દયાળજી રાઠોડની માલીકી અને કબજા ભોગવટાની હતી તેઓએ

કયારેય લેખિત કે મૌખિક કરારથી તેઓના પત્ની પુષ્પાબેનને કે તેઓના ત્રણ દિકરીઓ કે બે દીકરા કે તેઓ ગુજરી ગયા બાદ તેઓની પત્નીઓ (પ્રતિવાદી નં. ૧ અને ૨) કે અન્ય કોઈને આપેલ જ નથી તેવા સંજોગોમાં વાદીઓએ મિલ્કતો પડાવી લેવા અને પચાવી પાડવા માટે પ્રતિવાદી નં.૩ના પિતાએ પ્રતિવાદી નં.૩ના માતુશ્રીને મૌખિક કરાર કઈ સાલમાં કરી આપેલ, કોની હાજરીમાં કરી આપેલ, અગાઉના કોઈ પોલીસ લખાણમાં મૌખિક કરારની કોઈવાત કરેલ છે, કે સીટી સર્વે કચેરીમાં કોઈ મૌખિક કરારની નોંધ છે, જે તમામ હકીકત દર્શાવે છે કે વાદીઓએ ખોટી રીતે આ મિલ્કત પડાવી લેવા માટે અને પ્રતિવાદી નં.૩ના હકક ડુબાડવા માટે મૌખિક કરારની હકીકત ઉભી કરીને પુષ્પાબેનનું ખોટુ વીલ મળતીયાની સહી અંગુઠા અને સાક્ષીવાળુ ઉભુ કરીને ખોટો દાવો દાખલ કરેલ છે. કારણ કે કાયદા મુજબ કોઈપણ સ્થાવર મિલ્કત મૌખિક કરારથી ટ્રાન્સફર થઈ શકે નહિં કારણ કે ૧૦૦ રૂપીયા ઉપરની કોઈપણ સ્થાવર મિલ્કત ટ્રાન્સફર કરવી હોય તો ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટ હેઠળ તે ડોક્યુમેન્ટ રજીસ્ટર્ડ કરાવવો જોઈએ અને જો ધીરજલાલ દયાળજી રાઠોડે મિલ્કત વાદીઓને આપવી હોત તો તેઓ પોતે જ પોતાની રીતે આ મિલ્કતનું વીલ કે વ્યવસ્થા કરીને ગુજરી ગયેલ હોત પરંતુ તેઓ ગુજરી ગયા બાદ આ કામના વાદીઓએ ૨૦૦૫ માં તેના દિકરા મહેશનું નામ છુપાવીને ખોટી વારસાઈ ઉભી કરીને ખોટુ વીલ ઉભુ કરીને હાલનો ખોટો દાવો દાખલ કરેલ છે જે રદ થવાને પાત્ર છે.

**(૪.૫)** વાદીઓ અને પ્રતિવાદી નં.૧ અને ૨ નાએ એકબીજા સામે ખોટી ફરીયાદો કે વકીલો મારફત નોટીસો આપવાથી કે જવાબો આપવાથી સંયુક્ત માલીકી અને સંયુક્ત કબજા ભોગવટાની મિલ્કતના હકક, હિતને કોઈ અસર થતી નથી. કારણ કે ફોજદારી કોર્ટ કે ફોજદારી કેસથી કોઈપણ સીવીલ રાઈટ કાયદા મુજબ ડીસાઈડ થઈ શકે નહિં.

ગુજ. પુષ્પાબેન ધીરજલાલ રાઠોડે તા.૨૨/૦૯/૨૦૧૪ ના રોજ દાવામાં જણાવેલ સ.નં.૮૨૩ અને ૮૨૪ વાળી મિલ્કતના સુવાંગ માલીક અને કબજેદાર હતા નહિ અને આ મિલ્કતોનો કયારેય કોઈ વહેંચણ થયેલ નથી તેવા સંજોગોમાં ટી.પી. એક્ટની કલમ–૮ હેઠળ કોઈપણ પ્રકારનું ખોટું લખાણ, વેચાણ કે ગીરો કે વીલ ઉભુ કરવાથી પ્રતિવાદી નં. ૩ ના હકક, હિતને કોઈ અસર થતી નથી. પુષ્પાબેને કોઈ વીલ કરી આપેલ નથી અને કરેલ હોય તો પણ તે કાયદાની દ્રષ્ટિએ નલ અને વોઈડ છે. કારણ કે પુષ્પાબેન ધીરજલાલ રાઠોડ પોતે જ આ મિલ્કતના ક્યારેય માલીક અને કબજેદાર એકલા હતા નહિ. જેથી સંયુક્ત માલીકી અને કબજા ભોગવટાની મિલ્કતનું વીલ કરી આપવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

**(૪.૬)** વાદી દાવા અરજીમાં જણાવ્યા મુજબની કોઈપણ દાદ મેળવવા માટે હકકદાર બનતા નથી કે દાવા અરજીમાં જણાવેલ મિલ્કત સ.નં. ૮૨૩ અને ૮૨૪ નો કબજો મેળવવા માટે હકકદાર બનતા નથી કે આ મિલ્કતનું કોઈ ડેકલેરેશનનું હુકમનામુ મેળવવા માટે પણ વાદી હકકદાર બનતા નથી કે વાદી દાવાવાળા સીટી સર્વે નં. ૮૨૩ અને ૮૨૪ અંગે કોઈપણ પ્રકારની દાદ મેળવવા માટે હકકદાર બનતા નથી જેથી વાદીનો દાવો ખર્ચ સહીત રદ કરવા પ્રતિવાદી નં.૩ નાએ વિનંતી કરેલ છે તેમજ પ્રતિવાદી નં.૩ને થયેલ ખર્ચ વાદી પાસેથી અપાવવા વિનંતી કરેલ છે.

**(૫)** વાદી તરફે દાવા અરજીના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

| -:: મૌખિક પુરાવા:- | | |
|---|---|---|
| ક્રમ | વિગત | આંક |
| ૧ | વાદી નં.૨ શ્રી મીનાબેન કીરીટકુમાર ધામેચાનાઓનું સિવિલ પ્રોસીજર કોડના ઓર્ડર-૧૮, રુલ-૪ મુજબનું સરતપાસનું સોગંદનામુ. | ૪૫ |
| ૨ | વાદી તરફે સાહેદ શ્રી કિશોરભાઇ પરસોતમભાઇ પટાણીનાઓનું સિવિલ પ્રોસીજર કોડના ઓર્ડર-૧૮, રુલ-૪ મુજબનું સરતપાસનું સોગંદનામુ. | ૯૧ |

| :: દસ્તાવેજી પુરાવા:- | | |
|---|---|---|
| ક્રમ | વિગત | આંક |
| ૧ | વાદી નં.૧ તથા ૨ નાઓએ સદર કેસની તમામ કાર્યવાહી કરવા માટે કિશોરભાઇ પી.પતાણીને કુલમુખત્યાર નીયુકત કરેલ તે બાબતનું રૂા.૧૦૦/- ના નોન જયુડીશ્યલ સ્ટેમ્પ પર નોટરી રુબરુ તા.૦૪/૦૨/૨૦૧૮ના રોજ કરેલ અસલ લખાણ | ૫૩ |
| ૨ | તા.૨૬/૦૬/૨૦૦૪ના રોજ નીતાબેન મહેશભાઇ રાઠોડનાઓએ હરેશભાઇ ધીરજલાલ રાઠોડનાઓને તેમની સ્ત્રીધનની ચીજવસ્તુઓ, સોના-ચાંદીના દાગીના, બેંક અને પોસ્ટની એફ.ડી.ની રસીદો તથા ફાઇલ કાગળો મળી ગયેલ છે તે બાબતનુ રૂા.૫૦/- ના સ્ટેમ્પ પર કરેલ અસલ લખાણ. | ૫૪ |
| ૩ | કૈલાશબેન પરમાર, મહેશભાઇ, નીતાબેન, જૈમિન રાઠોડ, વૃશાલી રાઠોડ વાળુ અસલ લીસ્ટ | ૫૫ |
| ૪ | બેંકની રકમ અંગેનુ અસલ લીસ્ટ | ૫૬ |
| ૫ | શેરનુ અસલ લીસ્ટ | ૫૭ |
| ૬ | તા.૧૬/૦૪/૨૦૧૯ ના રોજ લખેલ કાગળ કે જે પ્રોફેશનલ કુરીયર મારફતે મોકલેલ તેની અસલ પહોંચ | ૫૮ |
| ૭ | મર્હુમ ધીરજલાલ દયાળજી રાઠોડનાઓએ લક્ષ્મીનારાયણનગર કો.ઓ.હા.સો.લી., સુરેન્દ્રનગરના પ્રમુખ ભરતકુમાર લીલાધર સોલંકી પાસેથી રજી.દસ્તાવેજ નં.૧૪૬૯,તા.૧૭/૦૪/૧૯૮૬ થી લીધેલ પ્લોટના દસ્તાવેજની નકલ | ૫૯ |

| | | |
|---|---|---|
| ૮ | પુષ્પાબેન ધીરજલાલ રાઠોડનાઓ બીમાર હતા તે વખતના તા.૦૨/૦૩/૨૦૧૩ ના રોજના કેસ પેપરની નકલ | ૬૦ |
| ૯ | પુષ્પાબેન ધીરુભાઇ રાઠોડે તા.૦૧/૦૩/૨૦૧૩ ના રોજ પી.એસ.આઇ.શ્રી સુરેન્દ્રનગરનાઓને મહેશભાઇ ના પત્ની નીતાબેને પુષ્પાબેનને લાફા મારેલ તે અંગેની ફરીયાદની નકલ | ૬૧ |
| ૧૦ | જનયુગ દૈનીક છાપામાં તા.૨૮/૦૫/૨૦૧૩ ના રોજ પ્રવિણભાઇ ચોહાણ દરજીને મિલ્કતના ભાગ બાબતે ત્રાસ આપતા હોવાની ફરીયાદ અંગે મોત નીપજતા કિર્તીબેન અશોકભાઇ દસાડીયા સામે ફરીયાદ થયેલ તે અંગેના રીપોર્ટીંગની નકલ | ૬૨ |
| ૧૧ | સુરેન્દ્રનગર ભાસ્કર છાપામાં પ્રવિણભાઇ ચોહાણે આપઘાત કરેલ તે અંગે કિર્તીબેન અશોકભાઇ દસાડીયા સામે ફરીયાદ થયેલ તે અંગેના રીપોર્ટીંગની નકલ | ૬૩ |
| ૧૨ | કિશોરભાઇ પતાણીએ જનયુગ/ભાસ્કર તંત્રીશ્રીને લખેલ કાગળ જે અસલ પ્રોફેશનલ કુરીયરથી મોકલેલ તે કાગળની નકલ. | ૬૪ |
| ૧૩ | કિશોરભાઇ પતાણીએ પી.આઇ.શ્રી સુરેન્દ્રનગરને લખેલ કાગળને પ્રોફેશનલ કુરીયર મારફત મોકલેલ કાગળની નકલ | ૬૫ |
| ૧૪ | પ્રોફેશનલ કુરીયર મારફતે મોકલેલ કાગળ સુરેન્દ્રનગર પોલીસ સ્ટેશનને બજી ગયેલ તેની સહી વાળા સ્ટેટમેન્ટની નકલ | ૬૬ |
| ૧૫ | પ્રોફેશનલ કુરીયર મારફતે મોકલેલ કાગળ જનયુગને બજી ગયેલ તેની સહી વાળા સ્ટેટમેન્ટની નકલ | ૬૭ |
| ૧૬ | પ્રોફેશનલ કુરીયર મારફતે મોકલેલ કાગળ દિવ્યભાસ્કરને બજી ગયેલ તેની સહી વાળા સ્ટેટમેન્ટની નકલ | ૬૮ |
| ૧૭ | ધનજીભાઇ કે/ઓ રતિલાલ ચૌહાણે ગુ.રજી.નં.૮૭/૨૦૧૩ થી આઇ.પી.સી.ની કલમ ૩૦૬, ૧૧૪ મુજબ કરેલ ફરીયાદની ખરીનકલ | ૬૯ |
| ૧૮ | ધનજીભાઇ કે/ઓ રતિલાલ ચૌહાણનુ પોલીસે લીધેલ નિવેદનની ખરીનકલ | ૭૦ |

| | | |
|---|---|---|
| ૧૯ | ધનજીભાઇ કે/ઓ રતિલાલ ચૌહાણની બીજી એડીશ્નલ સેશન્સ કોર્ટ ના સેશન્સ કેસ નં.૯/૨૦૧૪ ના કામે આંક–૫૬ થી લેવાયેલ જુબાનીની ખરીનકલ | ૭૧ |
| ૨૦ | પુષ્પાબેન ધીરજલાલ રાઠોડનું અસલ વીલ | ૧૩૯ |

(૬) પ્રતિવાદીઓ તરફે દાવા–જવાબના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

| –:: મૌખિક પુરાવા:– | | |
|---|---|---|
| **ક્રમ** | **વિગત** | **આંક** |
| ૧ | પ્રતિવાદી નં.૧ નીતાબેન મહેશકુમાર રાઠોડનાઓનું સિવિલ પ્રોસીજર કોડના ઓર્ડર–૧૮, રુલ–૪ મુજબનું સરતપાસનું સોગંદનામુ. | ૧૦૨ |
| ૨ | પ્રતિવાદી નં.૨ જાગૃતિબેન હરીશભાઇ રાઠોડનાઓનું સિવિલ પ્રોસીજર કોડના ઓર્ડર–૧૮, રુલ–૪ મુજબનું સરતપાસનું સોગંદનામુ. | ૧૨૨ |

| :: દસ્તાવેજી પુરાવા:– | | |
|---|---|---|
| **ક્રમ** | **વિગત** | **આંક** |
| ૧ | સીટી સર્વે નં.૮૨૩ તથા ૮૨૪ ના પ્રોપર્ટી કાર્ડની નકલ | ૧૩૦ |
| ૨ | ફો.પ.અ.નં. ૧૪૧/૨૦૧૩ ના ઓનલાઇન હુકમની નકલ | ૧૩૧ |
| ૩ | ફોજદારી અપીલ નં.૪/૨૦૧૭ ના ઓનલાઇન હુકમની નકલ | ૧૩૨ |

(૭) હાલના કામે વાદીઓએ તેમની દાવા અરજીના સમર્થનમાં આંક–૧૩૭થી લેખિત દલીલ રજુ કરેલ છે તેમજ પ્રતિવાદીઓએ તેમના દાવાજવાબમાં જણાવેલ હકીકતનુ પુનરાવર્તન કરતી મૌખિક દલીલ કરેલ છે.

(૮) આ કામે વાદીની દાવા અરજી તથા પ્રતિવાદી તરફે રજુ થયેલ લેખિત જવાબ ધ્યાને લઇ નિર્ણય માટે મારા પુરોગામી વિ.ન્યાયાધિશ દ્વારા આંક–૩૦ થી નીચે મુજબના મુદાઓ ઘડવામાં આવેલ છે.

૧. શું વાદી પુરવાર કરે છે કે, સુરેન્દ્રનગર સીટી સર્વે કચેરીમાં ધીરજલાલ દયાળજીભાઈ રાઠોડના નામે નોંધાયેલ બંને મિલ્કતો મોઢાના કરારથી તેમના પત્ની પુષ્પાબેન ધીરજલાલ રાઠોડને આપી દીધેલી અને ત્યાર થી બંને મિલ્કતોના માલીક પુષ્પાબેન થયેલા
હતા ?

૨. શું વાદી પુરવાર કરે છે કે, તા. ૦૯/૦૩/૧૯૯૪ ના રોજ ધીરજલાલ રાઠોડ ગુજરી ગયા ત્યારથી પુષ્પાબેન તા.૨૬/૦૯/૨૦૧૫ ના રોજ ગુજરી ગયા ત્યાં સુધી એટલે કે, ૨૧ વર્ષ સુધી માલીક દરજ્જે બંને મિલ્કતો પુષ્પાબેનના કબજામાં કોઈપણ જાતના રોકટોક વિના માલીકી હકકે ચાલતી હતી અને બંને મિલ્કતોનો કબજો માલીકી હકકે રાખેલ હતો ?

૩. શું વાદી પુરવાર કરે છે કે, ધીરજલાલ દયાળજી ગુજરી ગયા પછી ૨૧ વર્ષ સુધી પુષ્પાબેન લખતરના ઉતારા સામે એકલા જ રહેતા હતા અને તેમની સારસંભાળ રાખવાની દરકાર કોઈ પ્રતિવાદીઓએ કરેલી નહી ?

૪. શું વાદી દાવાવાળી મિલ્કતનો કબજો પ્રતિવાદી નં. ૧,૨ પાસેથી મેળવવા માટે હકકદાર છે ?

૫. શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

૬. શું હુકમ અને હુકમનામુ ?

(૯) ઉપરોકત મુદ્દાઓ અન્વયે મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં,
૨. અંશત: હકારમાં,
૩. હકારમાં,
૪. અંશત: હકારમાં,
૫. અંશત: હકારમાં,
૬. આખરી હુકમ મુજબ

**(૧૦) પુરાવાનું મુલ્યાંકત તથા નિર્ણય ઉપર આવવાના કારણો.**

**(૧૦.૧)** વાદી નં.૨ મીનાબેન કીરીટકુમાર ધામેચાનાઓએ આંક–૪૫ થી પોતાનુ પુરાવાનું સોગંદનામુ રજુ રાખેલ છે જેમાં તેઓએ દાવા અરજીની હકીકતોને સોગંદ ઉપર દોહરાવેલ છે.

સદર સાહેદની પ્રતિવાદી નં.૧ તરફે ઉલટતપાસ લેવામાં આવેલ છે જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, ૧૯૮૫ની સાલમાં મારા લગ્ન કીરીટભાઈ નાનુભાઈ ધામેચા સાથે વડોદરા મુકામે થયેલા. અમે ગુજરનાર ધીરજલાલ દયાલજીભાઈના સંતાનમાં ત્રણ બહેનો અને બે ભાઈ હતા. મોટાભાઈનું નામ મહેશભાઈ અને નાનાભાઈનું નામ હરેશભાઈ છે. મારા માતૃશ્રીનું નામ પુષ્પાબેન છે. મારા મોટાબેનનું નામ કીર્તીબેન, બીજા નંબર ઉર્મીલાબેન છે. મારા મોટાબેનના લગ્ન કયારે થયેલા તેની મને ખબર નથી પરંતુ તેમના લગ્ન આશરે ૫૪–૫૫ વર્ષ પહેલા દશાડીયા અશોકકુમાર સાથે ધ્રાંગધ્રા થયેલા. તેનાથી નાના

ઉર્મીલાબેનના લગ્ન આશરે ૪૫ વર્ષ પહેલા મુંબઈ મુકામે કીશોરભાઈ પતાણી સાથે થયેલા કીર્તીબેન હયાત છે અને તેમની સાથે મારે સારા સંબંધ છે. એ વાત ખરી છે કે, મેં આ દાવો દાખલ કરેલ ત્યારે શરૂઆતમાં પક્ષકાર તરીકે કીર્તીબેનને જોડેલા નહી. એ વાત ખરી છે કે, મારા ભાઈ મહેશભાઈ ગુજરી ગયા ત્યારે તેમના વારસદાર તરીકે તેમની દીકરી ખુશાલીબેન હતા તેની મને માહીતી છે. મહેશભાઈ ગુજરી ગયેલ ત્યારે તેમને સંતાનમાં એક દીકરો અને એક દીકરી હતી. ગુજરનાર હરેશભાઈ ને એક દીકરી શિવાની હતી. હું મારા પતિ સાથે વડોદરા મુકામે રહેતી હતી. એ વાત ખરી છે કે, મારા બાપુજી અને મારી બા સુરેન્દ્રનગર મુકામે રહેતા હતા. મારા માતૃશ્રી પુષ્પાબેન ૨૦૧૪ ની સાલમાં ગુજરી ગયેલ છે. મેં મરણના પ્રમાણપત્ર મેળવેલ છે જે આ કામે રજુ કરેલ છે. એ વાત ખરી છે કે, આ દાવો દાખલ કરવા માટે અમે કે ઉર્મીલાબેન સુરેન્દ્રનગર મુકામે આવેલ નહી. અમોએ દાવો કરવા માટે અમો બંન્ને બહેનો સુરેન્દ્રનગર મુકામે સીધા કે.કે.કારેલીયા સાહેબને મળેલા. એ વાત ખરી નથી કે, એ વખતે એડવોકેટ ભારતીબેન પતાણી અમારી સાથે હતા. હું ભારતીબેનને ઓળખુ છુ. તે મારા બહેનના નણંદ થાય છે. એ વાત ખરી નથી કે, આ કેસ બાબતે સમગ્ર કામગીરી કરવા માટે ભારતીબેનને સોપલી. દાવો દાખલ કરતા પહેલા સામેવાળા પક્ષકારોને અમોએ નોટીસ આપેલી નહી. અમે જયારે સુરેન્દ્રનગર આવેલા ત્યારે દાવો લખાવીને જતા રહેલા. હવે કહુ છુ હોઈ શકે, મને યાદ નથી. આ દાવાની કામગીરી માટે અમો બહેનો સુરેન્દ્રનગર કઈ સાલમાં આવેલા તે મને યાદ નથી. અમોએ દાવો દાખલ કરેલ તે અરસામાં અમારા ત્રીજા બહેન કીર્તીબેન હયાત હતા. આ દાવો કરતા પહેલા દાવાની હકીકત બાબતે અને દાવો કરવો છે તે બાબતે અમોએ અમારા મોટા બહેન સાથે કોઈ ચર્ચા કરેલ નહી. એ વાત ખરી છે કે, અમારા મોટાબેન કીર્તીબેન અમોએ દાવો દાખલ કર્યા બાદ પણ દાવાની

હકીકત બાબતે અમો વાદીઓને સાથ આપેલો નથી. એ વાત ખરી છે કે, અમારા માતાપિતાના સૌથી નજીકના સ્થળે કીર્તીબેન રહેતા હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, કીર્તીબેનને મારા મમ્મી જોડે કોઈ સબંધ ન હતો. મારા પપ્પા ગુજરી ગયા બાદ મારા મમ્મી તેમના ઘરે જ રહેતા હતા. મારા પપ્પા ગુજરી ગયા બાદ મારો નાનો ભાઈ હરેશ એકલો મારા મમ્મી સાથે રહેતો હતો. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, તેની વહુએ છુટાછેડાનો કેસ કરેલો હોવાથી જોરાવનગર તેના મમ્મી પપ્પાના ઠેકાણે રહેતા હતા. એ વાત ખરી છે કે, મારા મમ્મી ગુજરી ગયા તે અરસામાં ખુબજ બીમાર રહેતા હતા. મારા ભાઈ મહેશભાઈ સને ૨૦૦૪માં ગુજરી ગયેલા. તેઓ તેમના કુટુંબ સાથે રહેતા હતા અને તેઓ મારી મમ્મી પુષ્પાબેનના મકાનમાં રહેતા હતા. પુષ્પાબેનને બે મકાન છે. હાલમાં પણ મારા ભાભી નીતાબેન મારા મમ્મીનું મકાન લક્ષ્મીનારાયણ સોસાયટીમાં છે તે મકાનમાં જ તેમના કુટુંબ સાથે રહે છે. એ વાત ખરી નથી કે, હાલના દાવામાં આ મકાનનો ઉલ્લેખ કરેલ નથી. એ વાત ખરી છે કે, મારા મમ્મી હાઉસ વાઈફ અને કોઈ કામધંધો કરતા ન હતા. એ વાત ખરી છે કે, તેઓને પોતાની આવકનું કોઈ સાધન ન હતુ. એ વાત ખરી છે કે, લક્ષ્મીનારાયણ સોસાયટી વાળા મકાન અંગે આ દાવામાં કોઈ તકરાર નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, લક્ષ્મીનારાયણ સોસાયટી વાળા મકાન મારી મમ્મીએ તેમની હયાતીમાં મારા ભાઈ મહેશભાઈને આપી દીધેલુ છે અને હકક હીસ્સો પણ આપી દીધેલ છે. એટલે હુ એમ કહેવા માગુ છું કે, આ લક્ષ્મીનારાયણ સોસાયટી વાળા મકાનનો સંપૂર્ણ હીસ્સો વીલ પ્રમાણે આપી દીધો છે. લક્ષ્મીનારાયણ સોસાયટી વાળા મકાનનો દસ્તાવેજ મારા પિતાશ્રીના નામનો અઘાટ વેચાણનો હતો. એ વાત ખરી છે કે, મારા પિતાજીએ કોઈ વીલ કરેલ નથી. લખતરના ઉતારા વાળા મકાન મારા દાદા દયાલજીભાઈએ અગાઉ વેચાણ રાખેલ તેની ખબર નથી. એ વાત ખરી છે કે, આ મકાન

અમારા કુટુંબીના માલીકી ભોગવટાનું કેવી રીતે બનેલ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, અમારે આ લખતરના ઉતારાની સામેની એકજ મિલ્કત તકરારી છે. એ વાત ખરી છે કે, આ લખતરના ઉતારાની સામેની મિલ્કત માટે મારા પિતાજી હયાતીમાં કોઈજ ચર્ચા થયેલ નથી. અમો વાદીઓ સામે અમારા ગુજરભાઈ હરેશભાઈના પત્ની જાગૃતીબેને અમારી સામે કોઈ કેસ કરેલ નહી. મારા બાપુજી ધીરૂભાઈના નામથી પણ ઓળખાતા હતા. આ મિલ્કત વડીલોપાર્જીત છે કે કેમ તેની મને ખબર નથી. વડીલોપાર્જીત મકાન કોને કહેવાય તેની મને ખબર નથી. સ્વઉપાર્જીત મકાન કોને કહેવાય તેની મને ખબર છે. જે મિલ્કત મેં પોતે ખરીદેલ હોય તેને સ્વઉપાર્જીત મકાન કહેવાય. એ વાત ખરી છે કે, લખતરના ઉતારા સામે આવેલ મીલકત મારા મમ્મીએ જાતે ખરીદેલ નથી. એ વાત ખરી છે કે, દાવા વાળી મીલકત મારી મમ્મીની સ્વઉપાર્જીત મીલકત નથી. સાહેદ જણાવે છે કે, મારા પપ્પા પછી આ મીલકત મારા મમ્મીને વારસામાં મળેલ છે. એ વાત ખરી છે કે, મારા પિતાશ્રી ગુજરી મારા બાદ લખતર ઉતારા સામે આવેલ મીલકત કે જે સીટી સર્વે કચેરીમાં નોધાયેલ છે તેમા તમામ વારસદારોના નામ દાખલ કરવામાં આવેલા. વારસાઈ એન્ટ્રી કોણે કરાવેલ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે વારસાઈ એન્ટ્રી મંજુર થઈ તે બાબતે અમોએ વાદીઓએ કોઈ વાંધો તકરાર લીધેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, વારસદાર તરીકે અમારા નામ દાખલ થયેલા હતા તેથી અમોએ વાંધો તકરાર લીધેલ નથી. એ વાત ખરી નથી કે, સને ૨૦૧૩ સુધી મારા મમ્મી એકલા હોય પ્રતિવાદી નીતાબેન મારા મમ્મી સાથે રહેતા અને રાંધી ખવડાવતા હતા. એ વાત ખરી નથી કે, મારા મમ્મીની બીમારીના સમયે તેઓની સારવાર,દેખરેખ અને સેવા ચાકરી પ્રતિવાદી નીતાબેન કરતા હતા. એ વાત ખરી નથી કે, અમો વાદી બહેનો મમ્મી ગુજરી ગયા બાદ શું મળે તેમ છે? તે અંગે માત્ર તપાસ કરવા આવેલા. મમ્મીની

હયાતીમાં કયારેય સાથે રહેલા નથી. મારા મમ્મી વીલ કરાવવા બાબતે વકીલશ્રી કે.કે.કારેલચા સાહેબ પાસે ગયેલા તેવી અમોને માહીતી છે. મારા મમ્મી ગુજરી ગયા બાદ આ માહીતી મને મારા વકીલ સાહેબે આપેલી. મને આ માહીતી મારા મમ્મી ગુજરી ગયા બાદ કેટલા સમય બાદ મળેલી તે મને યાદ નથી. વીલ અંગેની માહીતી મળ્યા બાદ અમો વાદીઓએ સીટી સર્વે કચેરીમાં વારસાઇ એન્ટ્રી અંગે કોઇ વાંધો કે તકરાર લીધેલ નથી. મારા મમ્મી વીલ અંગેનુ લખાણ કરવા માટે એકલા જ ગયેલા. મારા મમ્મીએ વીલ અંગે મારા એડવોકેટ શ્રી કે.કે.કારેલીયા સાહેબ એકલાને જ મળેલા છે અન્ય કોઈને વીલ કરાવતી વખતે તેમની સાથે હોય, કે અન્ય કોઈ વ્યકતીને મળેલ હોય તેવુ મળેલ નથી. એ વાત ખરી છે કે, કહેવાતા વીલ અંગે મને કોઈ જાત માહીતી નથી. મેં દાવો કરતા પહેલા અમો વાદીઓએ વાદ વાળી મીલકત વારસદારોના નામે છે તે અંગેની હકીકત અમોએ વ.શ્રી.કે.કે.કારેલીયા સાહેબના ધ્યાને મુકેલ નહી. એ વાત ખરી નથી કે, કહેવાત તકરારી વીલ થયુ ત્યારે હું મુંબઈ મુકામે હતી. તે સમયે હું વડોદરા મકામે હતી, એ વાત ખરી નથી કે, વીલમાં સાખ કરનારને હું ઓળખતી નથી. વીલમા સાખ કરનાર તરીકે એક મારા બનેવી કીશોરભાઇ પતાણી હતા. બીજા નવીનચંદ્ર હતા. નવીનચંદ્રને હું માત્ર જોયે ઓળખું છં તેઓ મારા વકીલશ્રી કારેલીયા સાહેબના રાઈટર છે. એ વાત ખરી નથી કે, દાવા હકીકતો મેં મારી મજીયારી મીલ્કતમાં ખોટા હકકો ઉભા કરવા માટે ખોટી જણાવેલ છે. એ વાત ખરી નથી કે, હાલના સ્વરુપનો દાવો કરવા માટે મેં અને મારા બેન ઉર્મિલાબેને ખોટું વિલ સ્વરૂપનું લખાણ ઉભુ કરાવેલ છે. એ વાત ખરી નથી કે, ખોટુ વીલ ઉભુ કરવા માટે વાદી નં. ૧ ના પતિ દ્વારા તજવિજ કરવામાં આવેલ. એ વાત ખરી નથી કે, મારા દાવાને સમર્થન આપવા માટે હું ખોટી જુબાની આપે છે.

સદર સાહેદની પ્રતિવાદી નં.૨ તરફે ઉલટતપાસ લેવામાં આવેલ છે જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, અમારા લગ્ન બાદ અમો ખાસ તહેવાર સીવાય અમારા પીયરમાં આવતા ન હતા એ વાત ખરી છે કે, મારી ગેરહાજરીમાં મારા માતા શું ખાતા પિતા, કોણ તેની કાળજી રાખતા હતા તથા મિલ્કતનો વહીવટ કઈ રીતે કરતા તેની મને માહીતી નથી. મારા પિતા સને ૧૯૯૩માં ગુજરી ગયેલા. એ વાત ખરી છે કે, સીટી સર્વે નં.૮૨૩ અને ૮૨૪ અમોને વારસાઈથી મળેલી. એ વાત ખરી છે કે, દયાળજીભાઈએ કોઈ વીલ કરી આપેલ ન હતુ. એ વાત ખરી છે કે, ધીરુભાઈએ પણ તેમની હયાતીમાં કોઈ વીલ બનાવેલ નહી. એ વાત ખરી છે કે, ધીરૂભાઈએ પુષ્પાબેનના નામનુ કોઈ વીલ બનાવેલ નથી. એ વાત ખરી છે કે, ધીરુભાઈના અવશાન બાદ સીટી સર્વે નં.૮૨૩ અને ૮૨૪ માં તમામ વારસદારના નામ વારસાઈ થી દાખલ થયેલા. મને એ વાતનો ખ્યાલ નથી કે, પ્રતિવાદી નં.૨ નાએ અમો વાદીના માતા સામે તેમજ અમો સામે તેમજ અમારા બેન ઉર્મીલાબેન સામે ઘરેલુ હીંસા અધીનીયમ તળે દાદ માંગવા માટે ફોજદારી પરચરણ અરજી નં.૧૪૧/૨૦૧૩ કરેલી. હાલ મને એ યાદ નથી કે, ફોજદારી અરજીના કામે કોર્ટના હુકમથી પ્રતિવાદી નં.૨ને સીટી સર્વે નં.૮૨૩ અને ૮૨૪ મીલકત રહેણાંક માટે વાપરવા કબજો આપેલ છે કે કેમ?

આ હુકમ સામે સેસન્સ કોર્ટમાં મેં તથા મારા ઉમાબેને અપીલ કરેલી કે કેમ તે મને હાલ યાદ નથી. મારા માતા સને ૨૦૧૩ માં ગુજરી ગયેલ છે. એ વાત ખરી છે કે, સીટી સર્વે નં.૮૨૩ અને ૮૨૪ વાળી મીલકત વડીલોપાર્જીત છે. એ વાત ખરી છે કે, તકરારી વીલ બનેલ ત્યારે હું હાજર ન હતી. એ વાત ખરી છે કે, વીલ કોણે બનાવ્યુ, કોણ સાક્ષી હતુ, કોને સહી કરેલી તે મને ખબર નથી. એ વાત ખરી છે કે, કીર્તીબેન મારા બેન થાય છે. એ વાત ખરી છે કે, કીર્તીબેનને મેં દાવો કરતા પહેલા

નોટીસ આપેલી નથી કે આ દાવાના કામે જોડેલ નથી. એ વાતની મને ખબર છે કે, દાવાવાળી મિલ્કતમાં કીર્તીબેનનો હીસ્સો થાય છે. કીર્તીબેન અમારી સાથે બોલતા ન હતા એટલે અમે દાવાના કામે જોડેલા નહી.

સદર સાહેદની પ્રતિવાદી નં.૩ તરફે ઉલટતપાસ લેવામાં આવેલ છે જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, કીર્તીબેનને તેમના માતુશ્રી સાથે ઘણા સમયથી સંબંધ ન હતો. એ વાત ખરી છે કે, મેં વીલ વાંચીને દાવો કરેલો. એ વાત ખરી છે કે, મેં દાવો કર્યો ત્યારે કીર્તીબેનને વાદી તરીકે જોડેલ નહી. એ વાત ખરી નથી કે, કીર્તીબેનને ભાગ ન આપવો પડે તે માટે અમે કીર્તીબેનને વાદી તરીકે જોડેલા નહી. એ વાત ખરી છે કે, કીર્તીબેનના સાસરીમાં શું ચાલે છે તેની મને માહીતી નથી.

**(૧૦.૨)** વાદી તરફે સાહેદ કિશોરભાઇ પરષોતમભાઇ પરમારનાઓએ આંક-૯૧ થી પોતાનુ પુરાવાનું સોગંદનામુ રજુ રાખેલ છે. સદર સાહેદની પ્રતિવાદી નં.૧ અને ૪ તરફે ઉલટતપાસ લેવામાં આવેલ છે જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, વાદી નં. ૧ મારા પત્ની છે અને વાદી નં. ૪ મારા સાળી છે. મારે મુંબઈ મુકામે રેડીમેડ કપડાની દુકાન છે જે માટુંગા ઈસ્ટમાં આવેલ છે. હું તૈયાર કપડા લાવી માત્ર વેચાણ કરૂ છુ. મારા લગ્ન સને-૧૯૭૬ નવેમ્બર માસમાં થયેલ છે. મારા સસરા ધીરજલાલને ૩ દિકરી અને ૨ દિકરાઓ છે. વાદીઓ સિવાય ત્રીજા દિકરીનું નામ કિર્તીબેન છે. એ વાત ખરી છે કે, મારા ગુજરનાર સસરા ધીરજલાલ રાઠોડની મિલ્કત ઉપર કિતીબેને આજદિન સુધી કોઈ હકકદાવો કરેલ નથી. મારા સસરાની મિલ્કતના દસ્તાવેજો તેઓની પોતાની પાસે રહેતા હતા. એ વાત ખરી છે કે, મેં મારા સસરા ધીરજલાલ રાઠોડની મિલ્કતના કોઈ દસ્તાવેજો જાતે વેરીફાઈ કરેલ

નથી. એ વાત ખરી છે કે, મારા સસરાની મિલ્કત અંગે મેં દસ્તાવેજો જોયેલ ન હોય મને કોઈ જાત માહિતી નથી. મારા પત્નીના ગાઈડન્સ(સુચના) મુજબ સરતપાસનું સોગંદનામું મારા પત્નીના વ.શ્રી કારેલીયા સાહેબે તૈયાર કરેલ અને મેં તેમાં સહી કરેલી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, મે વાંચીને સહી કરેલી. એ વાત ખરી છે કે, મેં સરતપાસનું સોગંદનામું વાંચેલ તે સમયે મારા પત્નીના વ.શ્રી. એ જણાવેલ કે આપણો દાવો ચાલે છે તે મુજબ જ સોગંદનામું તૈયાર કરેલ છે. મેં સોગંદનામું કેસના કાગળો સાથે સરખાવ્યા બાદ સહી કરેલી. મેં મારા સોગંદનામામાં હું દરજી કામ કરતો હોવાની હકીકત લખાવેલ નહીં. મે મારા સોગંદનામાના પેરા નં. ૫ (૧) માં જે હકીકત લખાવેલી છે તે દસ્તાવેજ મારી પાસે છે. હાલમાં આ મિલ્કત મારા સાસુ પુષ્પાબેનના નામે ચાલે છે તેનો દસ્તાવેજ મારી પાસે નથી. મારા સાસુ પુષ્પાબેનના નામે સદરહુ મિલ્કત હોવા અંગેનું કોઈ રેકર્ડ મારી પાસે નથી કે મેં જોયેલ નથી. એ વાત ખરી છે કે, મારા પત્ની વાદી નં. ૧ સારાનરસા પ્રસંગોએ જ તેમના પિયર આવતા. વાદી નં. ૨ ના પતિ દરજી કામ કરે છે. એ વાત ખરી છે કે, આ જે દાવો ચાલે છે તેમા વાદી નં. ૨ ના પતિએ કયારેય કોઈ રસ લીધેલ નથી. એ વાત ખરી નથી કે, મારા સોગંદનામાના પેરા–૫ માં જે મિલ્કતનો મે ઉલ્લેખ કરેલ છે તે વિવાદાસ્પદ નથી અને તે મિલ્કત બાબતે પોલીસ સ્ટેશનમાં કે અન્ય કોઈ જગ્યાએ અરજીઓ થયેલ નથી. એ વાત ખરી છે કે, મારા સસરા તેમના પુત્ર હરેશભાઈ સાથે રહેતા હતા. એ વાત ખરી છે કે, મહેશભાઈ ધીરજલાલ તેમના કુટુંબી સાથે સુરેન્દ્રનગર મુકામે રહેતા. એ વાત ખરી નથી કે, આ બન્ને દિકરાઓ માતા પિતાની સેવા કરતા, સાર સંભાળ રાખતા, દેખરેખ રાખતા. એ વાત ખરી નથી કે, વાદીઓ માતાપિતા બિમાર હોય ત્યારે તેમની સેવા કરવા સુરેન્દ્રનગર મુકામે રોકાયેલ નથી. હું નવીનચંદ્ર રતિલાલ શાહને ઓળખુ છુ તેઓ મારા સાળા હરેશભાઈની

દરજીની દુકાને આવતા જતા હોવાથી હું તેમને ઓળખુ. તેઓ શું કામ કરે છે તેની મને ખબર નથી. નવીનચંદ્રને વીલમાં સહી કરવા માટે મારા સાસુએ ફોન કરીને બોલાવેલા. એ વાત ખરી નથી કે, હું જે દિવસે વીલ કરાવ્યાનું જણાવું છે તે દિવસે મારા સાસુ બિમાર હતા. મારા સાસુ વીલ કરવા માટે વ.શ્રી. કારેલીયા સાહેબની ઓફીસે એકલા આવેલા. મને તથા નવીનચંદ્ર શાહને મારા સાસુએ ફોન કરીને વ.શ્રી. કારેલીયા સાહેબને ત્યાં બોલાવેલા. હું ત્યારે મારા પિતાશ્રીના મકાને જોરાવરનગર મુકામે હતો. હું કારેલીયા સાહેબના પહોચ્યા બાદ આશરે અડધો કલાક રોકાયેલો. એ વાત ખરી છે કે, પુષ્પાબેન માત્ર ઘરકામ કરતા તેઓ કોઈ કામ ધંધો કરતા નહી અને કમાતા ન હતા. હું અને નવીનચંદ્ર બન્ને સાથે ગયેલા નહી. એ વાતની મને ખબર નથી કે, નવીનચંદ્ર પહેલા આવેલા કે હું પહેલા આવેલો. અમો ગયા તે પહેલા મારા સાસુ કારેલીયા સાહેબની ઓફીસે બેસેલા હતા. એ વાત ખરી છે કે, મેં જે કાગળમાં સહી કરેલાની જણાવુ છે તે અમો ગયા તે પહેલા ટાઈપ કરેલ તૈયાર કાગળ હતો. વીલનું લખાણ કારેલીયા સાહેબે કરેલુ પણ મારી હાજરીમાં કરેલ ન હતુ. એ વાત ખરી છે કે, અમો પહોચ્યા ત્યાં પુષ્પાબેન અને કારેલીયા સાહેબ વચ્ચે શું વાતચીત થયેલી તેની મને જાણ નથી. એ વાત ખરી નથી કે, મારા સસરાની મિલ્કતો અન્ય વારસદારોને ન મળે અને આ કામના વાદીઓને મળે તે માટે હું વાદીઓની તરફેણમાં ખોટી હકીકતો જણાવ છુ. એ વાત ખરી નથી કે, મારા પત્ની મિલ્કતો પડાવી લેવા માંગતા હોય, મારા પત્નીને સોગંદનામા ઉપર વીલમાં સાક્ષી તરીકે મને સહી કરવાનું કહેતા મેં સહી કરેલી. એ વાત ખરી નથી કે, મારા પત્ની હાલના દાવામાં વાદી હોય, દાવાને સમર્થન મળે તે માટે પુરાવાના સોગંદનામામાં ખોટી હકીકતો જાહેર કરૂ છુ. એ વાત ખરી નથી કે, હું ખોટી જુબાની આપુ છુ.

સદર સાહેદની પ્રતિવાદી નં.૨ તરફે ઉલટતપાસ લેવામાં આવેલ છે જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, હું મુંબઈ મુકામે રહેતો હોવ વારતહેવાર પ્રસંગે સરેન્દ્રનગર આવવાનું થાય તે સિવાય આવવાનું થતું નથી. એ વાત ખરી છે કે, મારા સાસુ, મારા સાળા મહેશભાઈ તથા હરેશભાઈ સુરેન્દ્રનગર મુકામે રહેતા હતા. મારા સાસુ તથા મારા બન્ને સાળાએ આર્થીક બાબતોની હકીકતો અમુકનો મને ખ્યાલ છે જયારે અમુક બાબતનો મને ખ્યાલ નથી. એ વાત ખરી છે કે, સુરેન્દ્રનગર ખાતે મારા સાસુ તથા બન્ને સાળાઓને કોની સાથે કેવા સંબંધ હોય તેની મને ખબર નથી. એ વાતનો મને ખ્યાલ નથી કે, મારી સાસરી વાળુ મકાન કોને ખરીદ કરેલૂ. એ વાત ખરી છે કે, પ્રતિવાદી નં. ૨ ના એ મારી સામે તથા મારા પત્ની સામે તથા મારા સાસુમા સામે ઘરેલુ હિંસા અધિનીયમ હેઠળ દાદ માંગતી ફોજદારી પરચૂરણ અરજી નં. ૧૪૧ /૨૦૧૩ અરજી કરેલી. એ વાતની મને ખબર નથી કે, દાવાવાળી મિલ્કત પ્રતિવાદી નં. ૨ ને વપરાશ માટે આપવા અંગે નામદાર કોર્ટ દવારા હુક્મ કરવામાં આવેલ છે. એ વાત ખરી છે કે, ફોજદારી પરચૂરણ અરજી નં. ૧૪૧/૨૦૧૩ માં મારી જુબાની થયેલ હતી તે સમયે મારા સાસુ જીવીત હતા. એ વાત ખરી છે કે, તે કેસમાં મારા સાસુએ વીલ બનાવેલું છે અને તેમા મેં સાક્ષી તરીકે સહી કરેલી છે તેવી હકીકત મેં જાહેર કરેલી નહી. એ વાત ખરી છે કે, મારા સાસુનું સને – ૨૦૧૫ માં અવસાન થયેલુ. એ વાત ખરી છે કે, મારા સાસુએ તે અરજીના કામે પોતે વીલ બનાવેલ છે તેવુ કોઈ વીલ ફોજદારી પરચૂરણ અરજી નં. ૧૪૧/૨૦૧૩ માં રજૂ કરેલ નથી. એ વાત ખરી છે કે, સદર ફોજદારી પરચૂરણ અરજી નં. ૧૪૧/૨૦૧૩ માં થયેલ હુકમ સામે મેં મારા પત્ની ઉમાબેન તથા કીરીટભાઈ અને મીનાબેન વિગેરે સુરેન્દ્રનગરની ડીસ્ટ્રીકટ કોર્ટ માં ફોજદારી અપીલ નં. ૪/૨૦૧૭ દાખલ કરેલી. એ વાત ખરી છે કે, આ અપીલ રદ કરવામાં આવેલ. એ વાત ખરી છે કે, આ અપીલમાં

અમોએ આગળની કોઈ કાર્યવાહી કરેલ નથી. એ વાત ખરી છે કે, વીલ વાળી મિલ્કત મારા સાસુની સ્વપાર્જીત મિલ્કત નથી. આ મિલ્કત મારા સસરાની સ્વપાર્જીત મિલ્કત હતી કે કેમ? તેની મને ખબર નથી. મને એ વાતની ખબર નથી કે, વાદગ્રસ્ત મિલ્કત મારા મોટા સસરાના પિતા દયાળજીભાઈ મોરારજીભાઈની હતી અને તેમના અવસાન બાદ મારા સસરાને મળેલ અને મારા સસરાના અવસાન બાદ આ મિલ્કતમાં વારસાઈથી મારા સાસુ, સાળા હરેશભાઈ અને મહેશભાઈ તથા કિર્તીબેન, ઉર્મીલાબેન તથા મીનાબેન ને આ મિલ્કત વારસાઈથી મળેલી. એ વાત ખરી છે કે, આ જ મિલ્કતને લગતુ વીલ છે અને તેનો દાવો છે. સીટી સર્વેમાં આ વારસાઈની નોંધ સને ૨૦૧૩ માં પ્રમાણીત થયેલ કે કેમ? તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે, દાવાવાળી મિલ્કતની નોંધ સીટી સર્વે માં સને – ૨૦૧૩ માં પ્રમાણીત થઈ ગયેલાની મને તથા મારા પત્નીને જાણ થતા આ દાવાવાળી મિલ્કત સ્વપાર્જીત મિલ્કત ન હોવા છતા આ ખોટુ વીલ ઉભુ કરેલ છે. સને – ૨૦૧૪ ના વર્ષમાં અમે કેટલા વખત સુરેન્દ્રનગર મુકામે આવેલા તે મને હાલ યાદ નથી. એ વાત ખરી નથી કે, દાવાવાળી મિલ્કત મારી માલીકીની છે અને તેનું વીલ કરવા માટે તમારે સાક્ષી તરીકે સહી કરવા માટે તમારે આવવાનું છે તેવુ મારા સાસુએ મને જણાવેલ નહી. એ વાત ખરી છે કે, હું સુરેન્દ્રનગર મુકામે આવ્યો ત્યારે વીલ તૈયાર હતુ. એ વાત ખરી છે કે, મારા સાસુએ મારી હાજરીમાં વીલની હકીકત જણાવેલી હોય અને તે પ્રમાણે વીલ તૈયાર કરવામાં આવ્યુ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, સને – ૨૦૧૩ થી આજ દિન સુધી અગાઉના ફો.પ.અ. નં. ૧૪૧/૨૦૧૩ તથા અપીલ તેમજ આ દાવાના કામે નિયમીત કોર્ટમાં આવુ છુ. એ વાત ખરી છે કે, સને – ૨૦૧૩ માં મારી સામે તથા મારા સાસુ સામે જે કેસ થયેલો તેમાં વકીલ તરીકે શ્રી કે.કે.કારેલીયા સાહેબ હતા અને હાલના કેસમાં પણ તેઓ અમારા વકીલ તરીકે છે. એ

વાત ખરી નથી કે, મેં આ વીલ વાંચેલુ નથી. વીલ વાચ્યા પછી મને એવુ જણાયેલુ નહી કે આ વીલ વાળી મિલ્કતમાં તમામ વારસોનો હકક હિસ્સો રહેલો છે તેથી વીલ એકલા વ્યકિતથી થઈ શકે નહી. એ વાત ખરી નથી કે, આ વીલ મુજબ વધુ માં વધુ મિલ્કત મને તથા મારા પત્નીને મળેલ છે. એ વાત ખરી નથી કે, મારા પત્નીને મારા સાસુની મિલકતમાં વધુ ભાગ મળે તેટલા માટે મારા પત્ની, મારા સાસુ તથા મેં ભેગા મળી ખોટુ વીલ બનાવેલ છે. એ વાત ખરી નથી કે, જાગૃતિબેન તથા મહેશભાઈ અને હરેશભાઈના વારસદારોને કોઈ ભાગ આપવો ન પડે તે માટે વીલમાં તેઓનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલો નથી. એ વાત ખરી છે કે, મેં આ વીલમાં સહી કર્યા પહેલા વીલની મિલ્કત સ્વપાર્જીત છે કે વડીલોપાર્જીત છે તેની મેં ખરાઈ કરેલ નહી. એ વાત ખરી છે કે, સને – ૨૦૧૩ માં ફોજદારી કેસ થયેલો સદર કેસ સને ૨૦૧૭ માં થયો તે દરમ્યાન આ દાવાવાળી મિલ્કતનું વીલ તૈયાર કરવામાં આવેલ છે. એ વાત ખરી છે કે, આ દાવાના વાદીઓ ઉર્મીલાબેન તથા મીનાબેનનો હું મુખત્યાર છુ. એ વાત ખરી છે કે, મને આ કેસમાં જુબાની આપવા માટે કોઈ સાક્ષી સમન્સ મળેલ નથી હું જાતે આવેલો છુ. એ વાત ખરી છે કે, અગાઉના સાક્ષીઓની જુબાની થયેલ ત્યારે હું સાથે આવેલો અને કોર્ટમાં હાજર હતો. એ વાત ખરી છે કે, હું આ કેસમાં જુબાની આપવા માટે આવેલ તે અગાઉ હું મારા વકીલ સાહેબને મળેલો અને તેમની સાથે ચર્ચા થયા બાદ પુરાવાનુ સરતપાસનું સોગંદનામું આ કામે રજુ કરેલ છે. એ વાત ખરી નથી કે, આ કામના અગાઉના સાક્ષીઓથી જે ત્રુટીઓ રહી ગયેલી તેની પૂર્તતા કરવા અને મારા પત્નીને મદદરૂપ થવા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી નથી કે, મેં આ વીલના પ્રોબેટ સર્ટીફીકેટ મેળવવા માટે મેં હાલનો આ દાવો કરેલો છે. એ વાત ખરી નથી કે, હું જણાવુ છુ તેવુ કોઈ વીલ બનેલ હોય કે મારી હાજરીમાં મારા

સાસુ પુષ્પાબેને આ વીલમાં સહી કરેલ હોય કે આ વીલ માં મેં વાંચી સાસુ પુષ્પાબેનની હાજરીમાં મારી સહી કરેલી હોય તેવુ બનેલ નથી.

સદર સાહેદની પ્રતિવાદી નં.૩ તરફે ઉલટતપાસ લેવામાં આવેલ છે જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, કિર્તીબેન દસાડીયાના લગ્ન મારા લગ્ન પહેલા થયેલા. એ વાત ખરી છે કે, કિર્તીબેનનું સાસરીયુ ધ્રાંગધ્રા મુકામે છે. એ વાત ખરી છે કે, મારે ધ્રાંગધ્રા મુકામે જવાનું બનતુ નથી. એ વાત ખરી છે કે, કિર્તીબેનને તેમના સાસરીમાં કોની સાથે કેવા સંબંધો છે તેની મને ખબર નથી. મને એ બાબતની ખબર નથી કે, કિર્તીબેનને તેમની સામે થયેલા આઇ.પી.સી. ૩૦૬ ના કેસમાં નિર્દોષ ઠરાવેલા. એ વાત ખરી છે કે, કિર્તીબેન સામે થયેલા કેસને અને આ કેસને કાંઈ લેવા દેવા નથી. એ વાત ખરી છે કે, આ કામે કિર્તીબેનને મેં દાવો કરતી વખતે પક્ષકાર તરીકે જોડેલા નહી. એ વાત ખરી છે કે, દાવાવાળા વીલમાં કિર્તીબેનને પણ ભાગ આપવામાં આવેલ છે. કિર્તીબેનનું આ વીલ વાળી મિલ્કતમાં માલીક તરીકે તેમનું નામ છે કે કેમ ? તેની ખબર નથી.

**(૧૦.૩)** પ્રતિવાદી નં.૧ નીતાબેન મહેશકુમાર રાઠોડનાઓએ આંક–૧૦૨ થી પોતાનુ પુરાવાનું સોગંદનામુ રજુ રાખેલ છે. પ્રતિવાદી નં.૧ની વાદી તરફે ઉલટતપાસ લેવામાં આવેલ છે જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, ધીરજલાલ દયાજીભાઈ રાઠોડ મારા સસરા થાય છે અને તેમને બે દીકરા મહેશભાઈ, હરેશભાઈ તથા ત્રણ દીકરીઓ ઉર્મીલાબેન, મીનાબેન, કીર્તીબેન છે. એ વાત ખરી છે કે, ધીરજલાલ દયાજીભાઈ ને બે સ્થાવર મીલકતો આવેલ છે એક જેલ ચોક પાસે સર્વે નંબર ૮૨૩,૮૨૪ તથા બીજી લક્ષ્મીનારાયણ સોસાયટી ખાતે સર્વે નંબર ૪૯૨ / ૧ જેનુ ૫૪.૩૪ ચો.મી. વાળુ આવેલ છે. એ વાત ખરી નથી કે, ધીરજલાલ દયાજીભાઈ રાઠોડે વસાવેલ આ મીલકત સ્વપાર્જીત

મીલકત હતી. સાહેદ સ્વેછાએ જણાવે છે કે, જેલચોક વાળી મીલકત મારા મોટા સસરા દયાળજીભાઈએ વસાવેલ હતી અને લક્ષ્મીનાયરાણ સોસાયટી વાળી મીલકત ધીરુભાઈ એ વસાવેલ હતી. લક્ષ્મીનારાયણ સોસાયટી વાળી મીલકતનો દસ્તાવેજ મારી પાસે નથી જેથી મેં રજુ રાખેલ નથી. એ વાત ખરી નથી કે, ધીરજલાલ ૨૦૧૫ ના રોજ અવસાન પામેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ધીરજલાલ ૧૯૯૪ મા અવસાન પામેલ છે. એ વાત ખરી છે કે, મારા સસરા ધીરજલાલ અને મારા સાસુ પુષ્પાબેન જેલચોક વાળી મીલકતમાં રહેતા હતા.,એ વાત ખરી છે કે, હું લગ્ન બાદ મારા સાસુ સસરા સાથે સદરહુ જેલ ચોકવાળા મકાનમાં રહેતી હતી. એ વાત ખરી નથી કે, મહેશભાઈ તથા હરેશભાઈ આ બંને એ ધીરજલાલને કમાઇને કોઇ મીલકત આપેલ નથી. એ વાત ખરી છે કે, હરેશભાઇ અને પુષ્પાબેન જેલચોક વાળા મકાનમાં સાથે રહેતા હતા. એ વાતની મને ખબર નથી કે, મારા સસરા અવસાન પામ્યા તે પહેલા મોઢાના કરારથી જેલચોક વાળી મીકલત અને લક્ષ્મીનારાયણ વાળી મીલકત તારીખ ૦૯/૦૩/૧૯૯૪ પહેલા આપી દીધેલ. એ વાત ખરી નથી કે, જેલચોક વાળી મીલકતના કોઈ ટેક્ષ અમો એ ભરેલ નથી અને માત્ર પુષ્પાબેન ભરતા હતા. એ વાત ની મને ખબર નથી કે, સદરહુ દાવાના કામે અમોએ ટેક્ષ ભર્યા અંગેની પહોંચો રજુ રાખેલ છે કે કેમ. એ વાત ખરી નથી કે, મેં જે પ્રોપર્ટી કાર્ડ કઢાવેલ છે તે દાવો થયા બાદ કઢાવેલ છે. સાહેદ સ્વેછાએ જણાવે છે કે, દાવો દાખલ થયા પહેલા કઢાવેલ છે. એ વાત ખરી નથી કે, આ પ્રોપર્ટી કાર્ડ અમોને ફાયદો થાય તે માટે કઢાવેલ છે. ભારતીબેન પતાણી મારા નણંદની નણંદ થાય છે. એ વાત ખરી નથી કે, ભારતીબેન પતાણી અમારા વકીલ હતા. એ વાત ખરી છે કે, હરેશભાઈના લગ્ન જાગૃતીબેન સાથે થયેલા અને હું મહેશભાઈ ની પત્ની છુ. એ વાત ખરી છે કે, હરેશભાઇ અને જાગૃતીબેન વચ્ચે તકરારો ચાલતી હતી. એ વાતની મને ખબર

નથી કે, મારા સાસુ પુષ્પાબેને વીલ કરેલ હતુ કે કેમ. એ વાત ખરી છે કે, પુષ્પાબેન તા.૨૬/૦૩/૨૦૧૫ ના રોજ ગુજરી ગયેલા અને હરેશભાઈ તા. ૦૭/૧૧/૨૦૧૧ ના રોજ ગુજરી ગયેલા અને મારા પતિ મહેશભાઈ તા.૦૫/૦૫/૨૦૦૪ ના રોજ ગુજરી ગયેલા. એ વાત ખરી છે કે, કીર્તીબેનને ધાંગધ્રા મુકામે પરણાવેલ હતા અને તેઓ જયારે જયારે સુરેન્દ્રનગર આવે ત્યારે અમારા ઘરે આવતા હતા. એ વાત ખરી છે કે, આંક-૧૧ થી જવાબ રજુ છે તેમા મારી સહી છે. મને આંક-૫૪ વાળો દસ્તાવેજ બતાવામાં આવે છે તેમાં મારી સહી છે. મારા મહેશભાઈ સાથે આશરે ૩૫ વર્ષ પહેલા લગ્ન થયેલા. એ વાત ખરી છે કે, મારે અને મારા પતિ મહેશભાઈને બંનેને બીજા લગ્ન હતા. એ વાત ખરી છે કે, લક્ષ્મીનારાયણ સોસાયટી વાળું મકાન મારા સસરાએ મારા લગ્ન અગાઉ લીધેલું. એ વાત ખરી છે કે, આ કામના વાદી નં. ૧ ઉર્મીલાબેન મુંબઈ મુકામે રહે છે અને વાદી નં. ૨ મીનાબેન બરોડા મુકામે રહે છે. એ વાત ખરી નથી કે, વાદી નં. ૧ અને ૨ નાઓ પ્રસંગોપાત સુરેન્દ્રનગર મુકામે આવતા હતા. હું અને મારા પતિ મહેશભાઈ લગ્ન બાદ જેલચોક વાળા મકાન માં આશરે બાર મહીના સુધી રહેલા. એ વાત ખરી છે કે, ત્યાર બાદ આજદિન સુધી અમો લક્ષ્મીનારાયણ સોસાયટી વાળા મકાનમાં રહીએ છીએ. પ્રતિવાદી સ્વૈચ્છાએ જણાવે છે કે, મારા સસરાએ અમને રહેવા માટે આપેલું. એ વાત ખરી છે કે, મારા સસરાએ આ લક્ષ્મીનારાયણ વાળું મકાન અમને રહેવા માટે આપેલ તેનો કોઈ લેખિત આધાર મારી પાસે નથી. એ વાત ખરી નથી કે, મારા સાસુ જીવતા હતા ત્યારે તેની ભરણપોષણની કે દવાદારુની કોઈપણ દરકાર મેં કરેલ નથી. એ વાત ખરી નથી કે, મારા સાસુ જીવતા હતા ત્યારે તેમની સારસંભાળ સદર કામના વાદીઓ રાખતા હતા. મારી દીકરી વૃશાલીના લગ્ન આશરે સને ૨૦૧૫ માં થયેલા હશે. એ વાત ખરી છે કે, વૃશાલીના લગ્નમાં વાદી નં. ૧ ઉર્મીલાબેન અને તેમના પતિએ કન્યાદાન આપેલું.

એ વાત ખરી નથી કે, પુષ્પાબેન ગુજરી ગયા ત્યારે હું જેલચોક વાળા મકાને હાજર ન હતી. એ વાત ખરી છે કે, પુષ્પાબેને તેમની હયાતીમાં કોઈ વીલ કરેલ હતું કે કેમ તેની અમને જાણ ન હતી. એ વાત ખરી નથી કે, મારે મોટી રકમ પડાવી લેવા કારણસર હાલના કામે ખોટો જવાબ રજુ કરેલ છે અને ખોટી જુબાની આપુ છું.

(૧૦.૪) પ્રતિવાદી નં.૨ જાગૃતિબેન હરેશભાઈ રાઠોડનાઓએ આંક–૧૨૨ થી પોતાનુ પુરાવાનું સોગંદનામુ રજુ રાખેલ છે. પ્રતિવાદી નં.૨ની વાદી તરફે ઉલટતપાસ લેવામાં આવેલ છે જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, હું જોરાવરનગર દવાખાને પાસે રહુ છું. ઉર્મીલાબેન કીશોરભાઈ પતાણી મારા નણંદ થાય છે. ધીરજભાઈ મારા સસરા થાય છે. પુષ્પાબેન ધીરજભાઈ મારા સાસુ થાય છે અને તે હાલમાં હયાત નથી. ગુજનાર હરેશભાઈ ઉર્ફે હરીશભાઈ મારા પતિ થાય છે. મારા લગ્ન તેમની સાથે ૨૮ વર્ષ પહેલા સુરેન્દ્રનગર મુકામે થયેલા. લગ્ન બાદ હું મારા સાસરે જેલચોક પાસે સુરેન્દ્રનગર રહેવા ગયેલી. એ વાત ખરી છે કે, લગ્ન બાદ મારા પતિ સાથે અણબનાવ બનેલો. એ વાત ખરી છે કે, મારા સાસુ સાથે મારે બનતું ન હોવાથી હું પીયર જતી રહેલ. હું બે મહિના મારી બેબી નાની હતી ત્યારે હું મારે સાસરે આવેલ અને બે મહિના પછી હું મારી પીયર જતી રહેલ. એ વાત ખરી છે કે, ત્યાર બાદ હું મારા સાસરે ગયેલ નથી. એ વાત ખરી છે કે, મારા પતિ હાલમાં હયાત નથી. એ વાત ખરી છે કે, મારા પતિ ગુજરી ગયા બાદ હું તેઓની અંતીમ વીધીની કોઈ કાર્યવાહીમાં હાજર રહેલ નથી. સાહેદ સ્વેછાએ જણાવે છે કે, મારી દીકરીએ અંતિમ વીધી કરેલ. એ વાત ખરી છે કે, મારા પતિની હયાતી વખતે અમોએ તેઓની સામે ખોરાકીનો કેસ કરેલ. એ વાત ખરી છે કે, મારા પતિએ ખોરાકીના કેસમાં મારા પતિ જયાં સુધી હયાત હતા ત્યાં સુધી મને ભરણપોષણ આપેલ હતુ. એ વાત ખરી છે કે, મર્હુમ

ધીરજભાઈના અવસાન બાદ પુષ્પાબેન ધીરજભાઈ રાઠોડ સ્થાવર તથા જંગમ મિલકતનો વહીવટ કરતા હતા. એ વાત ખરી નથી કે, મારા સાસુએ વીલ કરી દીધેલ. એ વાત ખરી છે કે, મારા પતિ ગુજરી ગયા બાદ હું મારા સાસુ સાથે રહેલ નથી. એ વાત ખરી નથી કે, પુષ્પાબેનને જેલચોકમાં આવેલ મકાન બે દીકરીના નામે વીલ કરી આપેલ છે. એ વાત ખરી છે કે, લક્ષ્મીનારાયણ સોસાયટી વાળુ મકાન છે તે સયુંકત નામે ચાલે છે. એ વાત ખરી છે કે, વાદીના હું ભાભી થાવ છું. લક્ષ્મીનારાયણ સોસાયટી વાળા મકાનમાં મારા જેઠાણી રહે છે. એ વાત ખરી નથી કે, વીલ અંગેની કોઈ પણ જાતની માહિતી મને નથી. એ વાત ખરી નથી કે, આજ રોજ હું ખોટી જુબાની આપુ છું.

**-:: તારણો ::-**

**(૧૧) મુદા નં.૧ થી ૪ :-**

આ મુદા અન્વયે જોઈએ તો વાદીએ તેમની દાવા અરજીમાં તથા વાદી નં.૨ નાએ તેમના સરતપાસના સોગંદનામામાં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

*'મરહુમ ધીરજલાલ દયાળજી રાઠોડની જે સ્થાવર મિલકતો સુરેન્દ્રનગરમાં આવેલી હતી. જે તા.૧૧/૧૨/૧૯૮૭ થી સુરેન્દ્રનગરનાં સીટી સર્વે કચેરીમાં ધીરજલાલનાં નામે નોંધાયેલી હતી. તેની ઝેરોક્ષ રજુ કરીએ છીએ. ધીરજલાલ દયાળજી રાઠોડ તેમની હયાતી દરમ્યાન મોઢાના કરારથી તેમના પત્ની પુષ્પાબેન ધીરજલાલ રાઠોડને બન્ને સ્થાવર મિલકતો આપી દીધેલ હતી. આમ, બન્ને સ્થાવર મિલકતોના માલીક પુષ્પાબેન થયેલ હતા. ધીરજલાલ રાઠોડ તા. ૦૯/૦૩/૧૯૯૪ નાં રોજ ગુજરી ગયા ત્યારથી મરહુમ પુષ્પાબેન*

*તા.૨૬/૦૯/૨૦૧૫ નાં રોજ ગુજરી ગયા ત્યાં સુધી એટલે કે ૨૧ વર્ષ સુધી માલિક દરજ્જે બન્ને મિલકતો પુષ્પાબેનના કબજામાં કોઇપણ જાતનાં રોકટોક વિના માલીકી હકકે હતી. તેમ બધા પક્ષકારો જાણે છે. બન્ને મિલ્કતોનો માલિકી કબજો રાખેલ હતો. ''*

*'મરહુમ ધીરજલાલ દયાળજી રાઠોડ ગુજરી જતા તેમની તમામ સ્થાવર જંગમ મિલકતમાં મરહુમ પુષ્પાબેન ધીરજલાલ રાઠોડ એકલા માલિક હતા. તેથી મરહુમ પુષ્પાબેન ધીરજલાલ રાઠોડ સુરેન્દ્રનગરનાએ તેમની સ્થાવર જંગમ મિલકતનું વીલ તા.૨૨/૦૯/૨૦૧૪ નાં રોજ કરેલ છે અને તે અસલ વીલમાં મરહુમ પુષ્પાબેન ધીરજલાલ રાઠોડે પોતાની સહી બધા જુએ જાણે તેમ સભાન અવસ્થામાં વીલમાં સહી કરેલી છે. તેમજ વીલ નીચે બે સાક્ષીઓની શાખ કરેલ છે. જેમાં શાખ કરનાર (૧) નવીનચંદ્ર રતીલાલ શાહ (૨) કે.પી.પતાણીએ મરહુમ પુષ્પાબેનનાં કહેવાથી સુરેન્દ્રનગરમાં શાખ કરેલ છે. તેમજ વીલના ડ્રાફ્ટ કરનાર એડવોકેટની સહી કરેલ છે. તેમજ અસલ વીલમાં વીલ કરનારનો ફોટો પણ ચોડેલ છે અને તે વીલ પુષ્પાબેન ધીરજલાલ રાઠોડે નોટરી શ્રીમતી ટી.જે.દવેએ નોટરી તરીકે રૂબરૂ તરીકેની સહી કરેલ છે. ''*

હવે, આ અન્વયે જોઇએ તો પ્રતિવાદીઓએ વાદીની આ તમામ હકીકતોનો ઇન્કાર કરેલ છે અને જણાવેલ છે કે, દાવાવાળી સીટી સર્વે નં.૮૨૩ અને ૮૨૪ વાળી મિલકત કે જે મૂળ ૧૯૨૧ ની સનદ નં. ૧ થી મેરાઇ દયાળજી મોરારજીનાં ખાતે માલિક તરીકે હતી અને સદરહુ મિલ્કત વારસદાર દરજ્જે ગુજરનાર ધીરૂભાઇ દયાળજીભાઇ રાઠોડના

નામે થયેલ તથા દાવાવાળી મિલકત વડીલોપાર્જીત મિલ્કત હોય ગુજરનાર ધીરૂભાઇ દયાળજીભાઇને વારસદાર દરજજે મળેલ અને તેઓનું અવસાન થતા તેમનાં તમામ વારસદારો કાયદા મુજબ હકદાર બને.

વધુમાં પ્રતિવાદીઓએ જણાવેલ છે કે, ગુજરનાર ધીરજલાલ રાઠોડે મોઢાના કરારથી તેમના પત્ની પુષ્પાબેનને બન્ને મિલકતો આપી દીધેલ હોવાનું અને પુષ્પાબેન માલિક થયેલ હોવાની હકીકત ખોટી છે. વાદીઓએ પુષ્પાબેનની વૃધ્ધાવસ્થા અને એકલતાનો ગેરલાભ ઉઠાવી વીલ સ્વરૂપનું ખોટું લખાણ ઉભું કરેલ છે. વાદીઓએ કયારેય પુષ્પાબેનની સેવા ચાકરી કરેલ નથી કે સાથે રહેલ નથી તથા દાવાવાળી મિલકત પુષ્પાબેનની એકલાની સૂવાંગ માલિકી અને કબજા ભોગવટાની હતી નહી કે છે નહી.

હાલના કામે બંને પક્ષકારો તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લઇએ તો વાદીએ આંક–૫૩ થી તેઓએ કુલમુખત્યાર મારફતે દાવો દાખલ કરવા માટે કુલમુખત્યાર શ્રી તરીકે કિશોરભાઇ પી. પતાણીને મુખત્યાર તરીકે નિયુકત કરેલાનું ''દાવા તથા કાયદેસરની કાર્યવાહી અંગે ખાસ મુખત્યારનામા'' ની નકલ રજુ કરેલ છે.

વાદીએ આંક–૫૪ થી પ્રતિવાદી નં. ૧ નાએ કરી આપેલ લખાણ રજુ કરેલ છે. જેમાં તેઓએ તેમને સોપવામાં આવેલ વસ્તુ સંભાળી લીધેલ છે. તેવી કબૂલાત આપેલ છે તથા આંક–૫૫ થી ૫૭ સુધીના તે અંગેના લીસ્ટ રજુ કરેલ છે.

વાદીએ આંક–૫૮ થી તા.૧૭/૦૪/૨૦૧૮ નાં રોજ કરેલ કુરીયરની પહોંચો રજૂ કરેલ છે. જે કીશોર પી.પી.નાં નામની છે.

વાદીઓએ આંક–૫૯ થી ગુજરનાર ધીરજલાલ દયાળજી રાઠોડ શ્રી લક્ષ્મીનારાયણ કો–ઓપરેટીવ હાઉસીગ સોસાઇટી લિમિટેડ

પાસેથી પ્લોટ નં.૫૫/૧ ખરીધ્યા અંગેના તા.૧૭/૦૪/૧૯૮૬ નાં સબ–રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં નોધાયેલ વેચાણ દસ્તાવેજની નકલ રજૂ કરેલ છે.

વાદીઓએ આંક–૬૦ થી ગુજરનાર પુષ્પાબેનનાં જનરલ હોસ્પીટલનાં ઓ.પી.ડી.નાં કેસ પેપર્સની નકલ રજૂ કરેલ છે.

વાદીઓએ આંક–૬૧ થી ગુજરનાર પુષ્પાબેને પી.એસ.આઇ.શ્રી સુરેન્દ્રનગરનાઓને તેમની પુત્રવધુ નીતાએ તેમને માર મારેલાની કરેલ ફરીયાદની નકલ રજૂ કરેલ છે.

વાદીઓએ આંક–૬૨ થી ૬૩ નાં તા.૨૮/૦૫/૨૦૧૩ તથા ૨૯/૦૫/૨૦૧૩ નાં જનયુગ વર્તમાનપત્રની સમાચારની નકલ રજૂ કરેલ છે. જેમાં પ્રવિણભાઇ રતીલાલે ભાગ પાડવા ત્રાસ અંગે કરેલ આપઘાતની વિગત છે તથા વાદીએ આંક–૬૪ થી શ્રી કિશોર પી.પતાણીનાઓએ જનયુગનાં તંત્રી પાસે ઉપરોકત છાપાની નકલ માગ્યાનાં પત્રની નકલ રજૂ કરેલ છે તથા વાદીઓએ આંક–૬૫ થી ઈન્સપેકટર શ્રી સુરેન્દ્રનગરનાઓને સદર બનાવ અંગે તેઓએ કોઇ ફરીયાદ દાખલ કરેલ છે કે કેમ? તે અંગે લખેલ પત્રની નકલ રજૂ કરેલ છે તથા આંક–૬૬ થી ૬૮ તે અંગે કરેલ કુરીયરની પહોંચની નકલ રજૂ કરેલ છે.

વાદીઓએ આંક–૬૯ થી સદર બનાવ અંગે થયેલ એફ.આઇ.આર. ની નકલ રજૂ કરેલ છે તથા આંક–૭૦ થી સદર બનાવ અંગે પોલીસ ધનજીભાઇ ચૌહાણના લીધેલ નિવેદનની નકલ રજૂ કરેલ છે તથા આંક–૭૧ થી ધનજીભાઇ ચૌહાણનાં સદર કેસમાં થયેલ જુબાનીની નકલ રજૂ કરેલ છે.

હાલના કામે વાદી તર્ફે સાહેદ શ્રી કિશોરભાઇ પરસોતમભાઇ પતાણીનાઓએ આંક–૯૧ થી તેમની સરતપાસનું સોગંદનામું રજૂ કરેલ છે. જેમાં તેઓએ વીલમાં શાખ કરનાર તરીકે સાક્ષી હોવા અંગેની

હકીકત જણાવેલ છે તથા તા.૨૨/૦૯/૨૦૧૪ નાં રોજ પુષ્પાબેન ધીરજલાલ રાઠોડે તેમની માલિકી કબજા ભોગવટાની મિલ્કતનું વીલ કરેલ છે તથા તેમાં પુષ્પાબેન ધીરજલાલ રાઠોડ તથા તેઓએ શાખ કરનાર તરીકે તથા બીજા શાખ કરનાર તરીકે નવીનચંદ્ર રતીલાલ શાહે વીલમાં સહી કરેલી તેવી હકીકત જણાવેલી છે તથા તે તમામની સહી તેઓએ ઓળખી બતાવેલ છે.

આ સાહેદની પ્રતિવાદીઓ તર્ફે કરવામાં આવેલ ઉલટ–તપાસમાં તેઓએ જણાવેલ છે કે, વાદી નં.૧ તેમના પત્ની છે તથા મિલ્કત તેમના સાસુ પુષ્પાબેનનાં નામે હોવા અંગેનું કોઇ રેકર્ડ કે દસ્તાવેજ તેમની પાસે નથી કે તેઓએ જોયેલ નથી તથા પુષ્પાબેન માત્ર ઘરકામ કરતા હતા તથા કોઇ કામ ધંધો કરતા ન હતા કે કમાતા ન હતા તથા એ હકીકત સ્વીકારેલ છે કે, વીલવાળી મિલ્કત તેમની સાસુની સ્વપાર્જીત મિલ્કત નથી.

હાલનાં કામે પ્રતિવાદી તર્ફે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને તથા વંચાણે લઇએ તો પ્રતિવાદીઓએ આંક–૧૩૦ થી દાવાવાળી મિલ્કતના મિલ્કત કાર્ડની નકલ રજૂ કરેલ છે. જે વંચાણે લેતા ધારણ કરનારમાં સૌપ્રથમ મેરાઇ દયાળજી મોરારજીનું નામ દર્શાવવામાં આવેલ છે તથા હકકો કેવી રીતે મળ્યા તેમાં ૧૯૨૧ નાં સનદ નંબર ૧ થી તેવું દર્શાવવામાં આવેલ છે તથા અનુક્રમ નં. ૧૫૧, તા.૧૧/૧૨/૧૯૮૭ ની ફેરફારની વિગતમાં અરજી તા. ૧૬/૧૧/૧૯૮૭ થી મરણનાં દાખલો રજૂ કરી જવાબ આધારે વારસાઇ નોંધ કરવામાં આવી તેવુ દર્શાવવામાં આવેલ છે તથા નવા ધારણકર્તા તરીકે ધીરૂભાઇ દયાળજી રાઠોડ દર્શાવવામાં આવેલ છે તથા અનુક્રમ નં.૩૪૪, તા.૨૪/૦૧/૨૦૦૫ , ફેરફારની વિગત વારસાઇ અરજી તથા મરણ સર્ટી જવાબ અને પચનામાથી ધીરૂભાઇ દયાળજીનું નામ કમી કર્યું તથા નવા ધારણકર્તામાં પુષ્પાબેન ધીરૂભાઇ રાઠોડ તથા હરેશભાઇ ધીરૂભાઇ

રાઠોડ તથા કીર્તીબેન ધીરૂભાઈ રાઠોડ તથા ઉર્મીબેન ધીરૂભાઈ રાઠોડ તથા મીનાબેન ધીરૂભાઈ રાઠોડનાં નામ દર્શાવવામાં આવેલ છે તથા આ નોંધ તા.૦૫/૦૩/૨૦૦૫ નાં રોજ પ્રમાણીત થયેલ છે તથા અનુક્રમ નં. ૭૩૬૫, તા.૧૪/૦૫/૨૦૧૩ માં અગાઉ ધીરજલાલ ગુજરી જતા અગાઉ વારસાઈ નોંધમાં તેમના પુત્ર મહેશકુમારનું વારસદાર તરીકે નામ નોંધવાનું રહી ગયેલ હોય, તેમનું નામ વારસદાર તરીકે દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ તા.૨૧/૦૬/૨૦૧૩ નાં રોજ પ્રમાણીત થયેલ છે.

પ્રતિવાદીઓએ આંક–૧૩૧ થી પુષ્પાબેન રાઠોડ તથા અન્ય ૪ વિરૂધ્ધ પ્રતિવાદી નં. ૨ નાઓએ કરેલ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ હેઠળની ફરીયાદમાં ચુકાદાની નકલ રજૂ કરેલ છે તથા આંક–૧૩૨ થી સદર ચુકાદા વિરૂધ્ધ પુષ્પાબેન  ધીરજલાલ રાઠોડ તથા અન્ય પાંચ નાઓએ કરેલ અપીલનાં ચુકાદાની નકલ રજૂ કરેલ છે.

હવે બન્ને પક્ષકારોની રજુઆત સાથે હાલનાં કામે એ હકીકત બિન–તકરારી છે કે, વાદીઓ તથા પ્રતિવાદીઓ ગુજરનાર ધીરજલાલ દયાળજી રાઠોડના વારસો છે. પરંતુ હાલના કામે મુખ્ય તકરારી હકીકત એવી છે કે, શું દાવાવાળી મિલ્કત Ancestral Property છે કે નહી? કે શું મોઢાના કરારને કાયદાનું બળ છે કે કેમ? કે શું વાદીઓનાં માતા મોઢાના કરારથી આ દાવાવાળી મિલકતના માલીક તથા કબજેદાર હતા કે કેમ ? કે શું વાદીઓના માતા પુષ્પાબેનને દાવાવાળી મિલકત અંગે વીલ કરવાનો અધિકાર હતો કે કેમ? કે શું તેઓએ આવું કોઇ વીલ વાદીઓની તરફેણમાં કરી આપેલ છે કે કેમ?

હવે, આ તમામ રેકર્ડ ઉપર આવેલ હકીકતો અંગે સૌપ્રથમએ હકીકત મહત્વની બને છે કે, શું દાવાવાળી મિલકત 'Ancestral Property' છે કે કેમ ?

હવે હાલના કામે દાવાવાળી મિલ્કત Ancestral Property છે કે નહી? તે અંગે જોઇએ તો Mulla's Hindu Law (12th Edition) Para-223 વંચાણે લઇએ તો તે નીચે મુજબ છે.

Para-223

" All property inherited by a male hindu from his father, father's father or fathers' father is ancestral prorerty."

વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટે Angadi Chandranna V/s Shanker & Ors. (Civil Appeal No.5401/2025) ના ચુકાદામાં નીચે મુજબના સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે.

"14. It is also to be noted that in Hindu law, for a property to be considered as an ancestral property, it has to be inherited from any of the paternal ancestors up to three generations. "

સદર ચુકાદો વંચાણ લઇએ તો સદર ચુકાદામાં એવુ ઠરાવેલ છે કે, જો કોઇ મિલ્કત ત્રણ પેઢીથી પક્ષકારો પાસે આવેલ હોય તો જ તે મિલ્કતને 'Ancestral Property' ની વ્યાખ્યામાં આવરી શકાય. આ કામે બંને પક્ષકારોએ રજુ કરેલ દસ્તાવેજો વંચાણે લેતા કોઇપણ દસ્તાવેજથી હાલના પક્ષકારોના ત્રણ પેઢી પહેલાના વડીલો પાસે આ મિલ્કત આવેલ હોય તે દર્શાવતો કોઇપણ દસ્તાવેજી પુરાવો નથી. ઉલટાનું આંક-૧૩૦ના દાવાવાળી મિલ્કતના મિલ્કત કાર્ડ ઉપરથી દાવાવાળી મિલ્કત ધીરજલાલના પિતા દયાળજી મોરારજીને ૧૯૨૧માં સનદ નં.૧ થી મળેલાનું જણાય આવે છે. આમ, ત્રણ પેઢી પહેલાના વડીલો પાસે દાવાવાળી મિલ્કત ન હોય, તેથી દાવાવાળી મિલ્કતને Ancestral Property કહી શકાય નહી. આમ, જયારે દાવાવાળી મિલ્કત ' Ancestral Property' ની વ્યાખ્યામાં આવતી ન હોય

ત્યારે આ કામે ધી હિન્દુ સકસેશન એકટની કલમ–૬ લાગુ પડે નહી. પરંતુ હિન્દુ સકસેશન એકટની કલમ–૮ લાગુ પડે. જે નીચે મુજબ છે.

> 8. General rules of succession in the case of males.—The property of a male Hindu dying intestate shall devolve according to the provisions of this Chapter:—
>
> (a) firstly, upon the heirs, being the relatives specified in class I of the Schedule;
>
> (b) secondly, if there is no heir of class I, then upon the heirs, being the relatives specified in class II of the Schedule;
>
> (c) thirdly, if there is no heir of any of the two classes, then upon the agnates of the deceased; and
>
> (d) lastly, if there is no agnate, then upon the cognates of the deceased

આમ, ઉપરોકત જોગવાઈ વંચાણે લેતા જયારે કોઈપણ પુરુષ સભ્ય પોતાની માલિકીની મિલ્કત અંગે 'Testamentory Document' કર્યા વગર ગુજરી જાય તયારે તેમની મિલ્કતનું વિભાજન ધી હિન્દુ સકસેશન એકટના શેડયુલમાં જણાવ્યા પ્રમાણે વારસો વચ્ચે મિલ્કતનું વિભાજન થાય.

હાલના કામે સ્વીકૃત હકીકત છે કે, દાવાવાળી મિલ્કત દયાળજીનાઓની મિલ્કત હતી અને તેઓ ગુજરી જતા તેઓના પુત્ર ધીરજલાલને વારસાઈ હકે દાવાવાળી મિલ્કત પ્રાપ્ત થયેલી અને ત્યારબાદ ધીરજલાલનાઓ પણ ગુજરી ગયેલ છે તથા તેઓએ પોતાના મૃત્યુ પહેલા કોઈ 'Testamentory Document' કરેલ નથી તે હકીકત વાદીની ઉલટતપાસમાં નીચે મુજબના શબ્દોમાં રેકર્ડ ઉપર આવેલ છે.

***'એ વાત ખરી છે કે, ધીરુભાઈએ પુષ્પાબેનના નામનું કોઈ વીલ બનાવેલ નથી.''***

વધુમાં, વાદીની ઉલટતપાસમાં નીચે મુજબની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે.

*'એ વાત ખરી છે કે, મારા પિતાશ્રી ગુજરી ગયા બાદ લખતર ઉતારા સામે આવેલ મિલ્કત કે જે સીટી સર્વે કચેરીમાં નોંધાયેલ છે તેમાં તમામ વારસદારોના નામ દાખલ કરવામાં આવેલા.''*

*'એ વાત ખરી છે કે, વારસાઈ એન્ટ્રી મંજુર થઈ તે બાબતે અમોએ વાદીઓએ કોઈ વાંધા તકરાર લીધેલ નથી.''*

*'વીલ અંગેની માહિતી મળ્યા બાદ અમો વાદીઓએ સીટી સર્વે કચેરીમાં વારસાઈ એન્ટ્રી અંગે કોઈ વાંધો કે તકરાર લીધેલ નહીં.''*

આમ, આ કામે વાદીનો એવો કેસ નથી કે, ગુજરનાર ધીરજલાલનાઓએ વાદીઓની માતાશ્રીની તરફેણમાં કોઈ 'Testamentory Document' કરી આપેલ હોય. ઉલટાનુ વાદીનુ કથન એવુ છે કે, દાવાવાળી મિલ્કત મોઢાના કરારથી તેમની માતાને માલિકી હકે આપેલ. આથી આ સ્વીકૃત હકીકત રેકર્ડ ઉપર આવેલ છે કે, ગુજરનાર ધીરજલાલનાઓએ વાદીની માતાની તરફેણમાં કોઈ 'Testamentory Document' કરી આપેલ નથી. આવા સંજોગોમાં ઉપરોકત ધી હિન્દુ સકસેશન એકટની કલમ–૮ હાલના દાવાના કામે લાગુ પડે અને તે મુજબ દાવાવાળી મિલ્કતનું વિભાજન થાય. કારણ કે, ગુજરનાર ધીરજલાલનાઓએ કોઈ 'Testamentory Document' કરેલ નથી તેથી કલમ–૮ પ્રમાણે ગુજરનાર ધીરજલાલના કાયદેસરના

વારસો કે જે શીડયુલ(કલમ–૮) ના કલાસ–I માં આવે તેઓ તે પ્રમાણે મિલ્કતનો હીસ્સો મેળવવા હકદાર થાય.

હવે, ધી હિન્દુ સકસેશન એકટનું શીડયુલ(કલમ–૮) કલાસ–I વંચાણે લઈએ તો તેમાં પુત્ર, પુત્રી તથા વિધવા પત્નીનો સરખો હીસ્સો રહેલો છે. જેથી ગુજરનાર પુષ્પાબેનનો દાવાવાળી મિલ્કતમાં તેમના હીસ્સા પુરતો એટલે કે ૧/૬ હીસ્સો રહેલો છે.

હવે, વીલ સાબિત કરવા અંગે જોઈએ તો ધી ઈન્ડીયન એવીડન્સ એકટની કલમ–૬૮માં જોગવાઈ કરવામાં આવી છે. જેની સમાન કલમ બી.એસ.એ.,૨૦૨૩ની કલમ–૬૭માં જોગવાઈ કરવામાં આવી છે.

**67. Proof of execution of document required by law to be attested.**

If a document is required by law to be attested, it shall not be used as evidence until one attesting witness at least has been called for the purpose of proving its execution, if there be an attesting witness alive, and subject to the process of the Court and capable of giving evidence:

Provided that it shall not be necessary to call an attesting witness in proof of the execution of any document, not being a will, which has been registered in accordance with the provisions of the Indian Registration Act, 1908, (16 of 1908) unless its execution by the person by whom it purports to have been executed is specifically denied.

હાલના કામે વાદીઓએ વીલ પુરવાર કરવા માટે તેમાં શાખ કરનાર સાહેદ શ્રી કિશોરભાઈ પરસોતમભાઈ પતાણીને આંક–૯૧ થી તપાસેલા છે તથા તેઓએ વીલમાં તેમની તથા ગુજરનાર પુષ્પાબેનની તથા બીજા શાખ શ્રી નવીનચંદ્ર રતીલાલ શાહનાઓની સહી હોવાનું

જણાવેલ છે. જે વીલ આંક–૧૩૯ થી રજુ છે. હવે, આંક–૧૩૯થી રજુ થયેલ વીલ ગુજરનાર પુષ્પાબેને પોતાની સભાન અવસ્થામાં, સ્વેચ્છાએ કોઈપણ જાતના દગા, ધાક–ધમકી કે કોઈની અસરમાં આવ્યા વિના કરેલ છે કે કેમ? તે અન્વયે જોઈએ તો વાદીઓએ એવી રજુઆત કરેલ છે કે, ગુજરનાર પુષ્પાબેને સભાન અવસ્થામાં તેમની મરજીથી વીલ કરેલ છે તથા પ્રતિવાદીઓએ પુષ્પાબેનની કોઈ સારસંભાળ લીધેલ નથી કે સેવા–ચાકરી કરેલ નથી તથા પુષ્પાબેન એકલા નિ:સહાય મકાનમાં રહેતા હતા.

જયારે પ્રતિવાદીઓ તરફે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, વાદીઓએ ગુજરનાર પુષ્પાબેનની વૃધ્ધાવસ્થા તથા એકલતાનો ગેરલાભ ઉઠાવી ખોટું વીલ ઉભુ કરેલ છે.

હવે, આ હકીકત અન્વયે જોઈએ તો ગુજરનાર પુષ્પાબેને સુરેન્દ્રનગર પોલીસ સ્ટેશનમાં તેઓને તેમની પુત્રવધુ પ્રતિવાદી નં.૧ નાઓએ માર મારેલાની ફરીયાદ કરેલ. તેની નકલ આંક–૬૧થી વાદીએ રજુ કરેલ છે.

વધુમાં પ્રતિવાદી નં.૧ નીતાબેન રાઠોડની આંક–૧૦૨ ની જુબાનીમાં ઉલટ–તપાસમાં નીચે મુજબની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે.

*'હું અને મારા પતિ મહેશભાઈ લગ્ન બાદ જેલચોકવાળા મકાનમાં આશરે બાર મહીના સુધી રહેલા. એ વાત ખરી છે કે, ત્યાર બાદ આજદીન સુધી અમો લક્ષ્મીનારાયણ સોસાયટી વાળા મકાનમાં રહીએ છીએ.''*

*'' એ વાત ખરી છે કે, પુષ્પાબેન તા.૨૬/૦૩/૨૦૧૫ ના રોજ ગુજરી ગયેલા અને હરેશભાઈ તા.૦૯/૧૧/૨૦૧૧ નાં રોજ*

*ગુજરી ગયેલા અને મારા પતિ મહેશભાઈ તા. ૦૫/૦૫/૨૦૦૪ નાં રોજ ગુજરી ગયેલાં ''*

હાલનાં કામે પ્રતિવાદી નં.૨ જાગૃતીબેન રાઠોડની આંક-૧૨૨ ની જુબાનીમાં ઉલટ-તપાસમાં નીચે મુજબની હકીકત રેકર્ડ ઉપર આવેલી છે.

*'' એ વાત ખરી છે કે, મારા સાસુ સાથે મારે બનતું ન હોવાથી હું પીયર જતી રહેલી.''*

*'હું બે મહીનાની મારી બેબી નાની હતી. ત્યારે હું મારા સાસરે આવેલ અને બે મહીના પછી હું મારી પીયર જતી રહેલ. એ વાત ખરી છે કે, ત્યારબાદ હું મારા સાસરે ગયેલ નથી.''*

*'એ વાત ખરી છે કે, મારા પતિએ ખોરાકીના કેસમાં મારા પતિ જયા સુધી હયાત હતા. ત્યાં* સુધી મને ભરણપોષણ આપેલ હતું.''

આમ, હાલના કામે સ્પષ્ટપણે રેકર્ડ ઉપર આવેલ છે કે, પ્રતિવાદી નં. ૧ તથા પ્રતિવાદી નં. ૨ નાઓએ ગુજરનાર પુષ્પાબેનની કોઈ સેવાચાકરી કરેલ નથી અને ગુજરનાર પુષ્પાબેન મકાનમાં એકલા રહેતા હતા.

વધુમાં પ્રતિવાદી નં.૩ નાઓએ આંક-૨૪ થી દાવાનો જવાબ રજુ કરી, વીલ ખોટું હોવાની હકીકત જણાવેલ છે. પરંતુ તેઓએ આ હકીકત અંગે કોઈ મૌખિક પુરાવો રજૂ કરેલ નથી.

આમ, હાલનાં કામે સ્પષ્ટપણે પુરવાર થાય છે કે, ગુજરનાર પુષ્પાબેને વાદીઓની તરફેણમાં દાવાવાળી મિલ્કતનું સ્વેચ્છાએ વીલ કરેલ છે. પરંતુ ગુજરનાર પુષ્પાબેન દાવાવાળી મિલ્કતનું સંપૂર્ણ વીલ કરવા હકકદાર નથી પરંતુ પોતાના ૧/૬ હિસ્સા પૂરતું જ વીલ કરવા

હકકદાર હોય, વાદીઓ દાવાવાળી મિલ્કતમાં પોતાનો માલિકી કબજો ઉપરાંત ગુજરનાર પુષ્પાબેનનાં દાવાવાળી મિલ્કતમાં રહેલો ૧/૬ હિસ્સાનાં વીલથી માલીક થાય છે અને ગુજરનાર પુષ્પાબેનના વીલની રૂએ વાદીઓ દાવાવાળી મિલ્કતનો ૧/૬ કબજો મેળવવા હકદાર થાય છે.

આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ હાલનાં કામે વાદીઓએ હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે કે ધીરજલાલ દયાળજીભાઈ રાઠોડના નામે નોંધાયેલ બંને મિલકતો મોઢાનાં કરારથી તેમના પત્ની પુષ્પાબેન ધીરજલાલ રાઠોડને આપી દીધેલી અને ત્યારથી બંને મિલકતોનાં માલીક પુષ્પાબેન થયેલા હતા. આમ, વાદીઓ મુદા નં. ૧ ની હકીકતો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, મુદા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવું છું.

વધુમાં, હાલનાં કામે વાદીઓએ એ હકીકત પુરવાર કરેલ છે કે, તા.૦૯/૦૩/૧૯૯૪ નાં રોજ ધીરજલાલ રાઠોડ ગુજરી ગયા ત્યારથી પુષ્પાબેન તા. ૨૬/૦૯/૨૦૧૫ નાં રોજ ગુજરી ગયા ત્યાં સુધી એટલે કે, ૨૧ વર્ષ સૂધી દાવાવાળી મિલ્કતનો કબજો ધરાવતા હતા. પરંતુ આ બંને મિલ્કતો તેમના માલીકી હકકે ચાલતી હોવાની હકીકત પુરવાર થતી નથી. આમ, વાદીઓએ આ મુદા નં. ૨ ની હકકીત અંશત: પુરવાર કરેલ હોય, આ મુદા નં. ૨ નો જવાબ અંશત: હકારમાં ઠરાવું છું.

ઉપરોકત ચર્ચા કર્યા મુજબ હાલનાં કામે વાદીઓએ એ હકીકત પુરવાર કરેલ છે કે, દયાળજી ગુજરી ગયા પછી ૨૧ વર્ષ સુધી પુષ્પાબેન લખતરના ઉતારા સામે એકલા જ રહેતા હતા અને તેમની સારસંભાળ રાખવાની દરકાર કોઇ પ્રતિવાદીઓએ કરેલ નહી. આમ, વાદીઓને આ મુદા નં.૩ ની હકીકતો પુરવાર કરેલ હોય, આ મુદા નં.૩ નો જવાબ હકારમાં ઠરાવું છું.

ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ગુજરનાર પુષ્પાબેનનાં વીલની રૂએ દાવાવાળી મિલકતમાં સંપૂર્ણ નહી, પરંતુ ગુજરનાર પુષ્પાબેનનાં ૧/૬ હીસ્સા ઉપરાંત પોતાના હિસ્સા પુરતો દાવાવાળી મિલકતનો કબજો, પ્રતિવાદી નં.૧,૨ પાસેથી મેળવવા વાદી હકદાર હોય, આ મુદા નં.૪ અંશતઃ પુરવાર થતો હોય, મુદા નં.૪ નો જવાબ અંશતઃ હકારમાં ઠરાવું છું.

## (૧૨) મુદા નં.૫ :-

ઉપરોકત ચર્ચા કર્યા મુજબ દાવાવાળી મિલકતો અંગે મોઢાના કરારને કાયદાનું કોઈ બળ પ્રાપ્ત થતું ન હોય તથા દાવાવાળી મિલ્કતમાં ગુજરનાર પુષ્પાબેનનો ૧/૬ હીસ્સો રહેલ હોય તથા તેટલા હીસ્સા પુરતું જ તેમને વીલ કરવા કાયદેસર હકક રહેલ હોય અને વીલથી તેટલા હીસ્સા પુરતા જ વાદીઓ માલિક અને કબજેદાર બનતા હોય, આ મુદા નં.૫ નો જવાબ અંશતઃ હકારમાં ઠરાવું છું અને મુદા નં.૬ અન્વયે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ઠરાવવું છું.

## -:: હુકમ ::-

**૧.** વાદીઓનો હાલનો દાવો અંશતઃ મંજુર કરવામાં આવે છે.

**૨.** આથી ઠરાવવામાં આવે છે કે, બંને વાદીઓ દાવાવાળી મિલ્કતમાંના પોતાના હીસ્સા ઉપરાંત ગુજરનાર પુષ્પાબેનના ૧/૬ હિસ્સાનાં વીલની રૂએ સરખા હિસ્સાના માલિક ઠરે છે તથા તેટલા હિસ્સાનો પોતાની પાસે કબજો મેળવવા હકદાર બને છે.

**૩.** વધુમાં હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદીઓએ આ હુકમની તારીખથી દિન-૬૦ માં ઉપરોકત ઠરાવેલ દાવાવાળી મિલ્કતનો વાદીઓના હિસ્સાનો કબજો વાદીઓને સોંપી આપવો.

**૪.** આ દાવાનો પક્ષકારોએ પોત-પોતાનો ખર્ચ ભોગવવો.

**૫.** હુકમ મુજબ હુકમનામુ દોરવું

હુકમ આજરોજ તા.૦૮ મી, માહે-મે, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં લખાવી, વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: સુરેન્દ્રનગર
તા.૦૮/૦૫/૨૦૨૬

**(કાર્તીક મનુભાઈ આહિર)**
સેકન્ડ એડીશ્નલ સીનીયર સિવિલ
જજ,સુરેન્દ્રનગર
(જજ કોડ નં. જી.જે.૦૧૪૯૦)